RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 09-06-2026 I VOL : 12 I Issue : 84 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**

સફળતા ધીરજ અને પ્રયત્નથી મળે છે. ઈમાનદારી સૌથી મોટી સંપત્તિ છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3

અંબાજીમાં શક્તિ કોરિડોર માટે દબાણ હટાવ ઝુંબેશ શરૂ: 4 ઝોનમાં કાર્યવાહી...

4

ઓપરેશન છોટુ વસાવા: ગુજરાત પોલીસના ઇતિહાસનો એ માસ્ટરસ્ટ્રોક, જે આજે...

6


જેનિફર વિંગેટના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું

7

ટીમ ઇન્ડિયાનો ભવ્ય વિજય: અફઘાનિસ્તાનને એક ઇનિંગ્સ અને 300 રનથી કચડ્યું!


## એક નજર...

### પર્પલ સાડીમાં રાય લક્ષ્મીનો સ્ટનિંગ અવતાર, તસવીરો પરથી નજર નહીં હટે



સાઉથ ફિલ્મ એક્ટ્રેસ રાય લક્ષ્મી ઘણીવાર તેની બિચ લુકની તસવીરોને લઈને ચર્ચામાં રહે છે. જો કે, આ વખતે અભિનેત્રી તેના સાડી લુકને કારણે ચર્ચામાં છે. અભિનેત્રીએ હાલમાં જ ઈન્ટરનેટની દુનિયામાં પોતાની તસવીરો શેર કરીને ચાહકોને એક ટ્રીટ આપી છે.આ તસવીરમાં અભિનેત્રી રાય લક્ષ્મી ખૂબ જ સુંદર લાગી રહી છે.

## NEWS TRACK

### રાતા સમુદ્રમાંથી એકેય જહાજ પસાર નહીં થવા દઈએ..., ઈરાન પર હુમલા બાદ યમનના હૂતી પણ મેદાનમાં!

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સીધા મિસાઈલ યુદ્ધની વચ્ચે હવે યમનના હૂથી બળવાખોરો પણ આ જંગમાં કૂદી પડ્યા છે. સોમવારે હૂથીઓએ મધ્ય ઈઝરાયેલ તરફ કેટલાય રોકેટ દાગ્યા હતા. જો કે, આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી. આ હુમલા બાદ હૂથી જૂથના સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ મોટી ધમકી આપતા જણાવ્યું છે કે, 'લાલ સમુદ્ર (Red Sea)માં ઈઝરાયેલી જહાજોની અવરજવર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે, અને હવે કોઈપણ ઈઝરાયેલી ટાર્ગેટને નિશાન બનાવવામાં આવશે.' તેમણે ચેતવણી આપી કે, 'ઈંટનો જવાબ પથ્થરથી અપાશે' અને ક્ષેત્રની પરિસ્થિતિઓ અનુસાર અમારા સૈન્ય અભિયાનો વધુ ઝડપી બનશે.' રોકેટ હુમલાની જવાબદારી લેતા હૂથી પ્રવક્તાએ કહ્યું કે, 'ફ્રન્ટ્સની એકતા' ના સિદ્ધાંત હેઠળ અને લેબનાન, ઈરાન તેમજ ગાઝા વિરુદ્ધ ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહીના જવાબમાં હૂથી દળોએ 'કબ્જા હેઠળના જાફા'માં સંવેદનશીલ ઠેકાણાઓ પર મિસાઈલોનો મારો ચલાવ્યો છે.'

### તમામ ભારતીયો તાત્કાલિક ઈરાન છોડે: મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધના એંધાણ થતાં નવી એડવાઇઝરી જાહેર

મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ, ઈરાન અને યમન વચ્ચે શરૂ થયેલા ભયંકર મિસાઈલ યુદ્ધના કારણે પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની ગઈ છે. આ વધતા જતા તણાવને ધ્યાનમાં રાખીને તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરીને ફરી એકવાર અપડેટ કરીને નવી નોટિસ જાહેર કરી છે. ભારતીય મિશને પોતાના નાગરિકોને ઈરાનનો પ્રવાસ સંપૂર્ણપણે ટાળવા જણાવ્યું છે અને જે ભારતીયો હાલમાં ઈરાનમાં હાજર છે, તેમને ઉપલબ્ધ વાહનવ્યવહારના સાધનોનો ઉપયોગ કરીને તાત્કાલિક દેશ છોડવા માટે ભારપૂર્વક વિનંતી કરી છે. સોમવાર, 8 જૂનના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ભારતીય દૂતાવાસે એક નોટિસ શેર કરી છે. દૂતાવાસે તમામ ભારતીય નાગરિકોને ઈરાનની કોઈપણ પ્રકારની યાત્રા ન કરવા માટે કડક આદેશ આપ્યો છે. આ માર્ગદર્શિકામાં માત્ર પ્રવાસ ટાળવાની જ વાત નથી કરવામાં આવી, પરંતુ જે ભારતીય નાગરિકો, વ્યવસાયીઓ કે વિદ્યાર્થીઓ હાલમાં ઈરાનની અંદર વસવાટ કરી રહ્યા છે, તેમને તાત્કાલિક દેશ છોડવા ઉપલબ્ધ વાહન વ્યવહારની મદદથી દેશ છોડવા નિર્દેશ આપ્યા છે.

### પશ્ચિમ એશિયામાં ફરી ભડકેલી આગ અત્યંત ચિંતાજનક

# ઈરાનનું ઓપરેશન નસર: ઈઝરાયલ પર મિસાઈલો વરસાવી

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

ઈરાન-અમેરિકા વચ્ચેના સંઘર્ષમાં સમજૂતીની તમામ આશાઓ ખતમ થતી દેખાઈ રહી છે અને ફરી એક વાર ઈરાન-ઈઝરાયલ સામસામે આવી ગયા છે. આ જ સિલસિલામાં ઈરાને ઈઝરાયલના એવા બે ઠેકાણાઓ પર હુમલો કર્યો છે જે નેતન્યાહૂ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.



આ હુમલાની સાથે જ પશ્ચિમ એશિયામાં યુદ્ધની આગ ફરી એકવાર ભડકી ઉઠી છે. ઈઝરાયલના આક્રમક વલણના જવાબમાં ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એરોસ્પેસ ફોર્સે ઈઝરાયલના બે મહત્વપૂર્ણ એરબેઝને નિશાન બનાવીને મોટો હુમલો કરતા નેવાતિમ તેમજ તેલ નોફ એરબેઝ પર મિસાઈલોનો વરસાદ કર્યો છે. ઈરાને આ કાર્યવાહીને 'ઓપરેશન નસર' નામ આપ્યું છે. IRGCએ જણાવ્યું કે તેના લડાકુઓએ ઈઝરાયલના નેવાતિમ અને તેલ નોફ એરબેઝને નિશાન બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે, આ બંને એરબેઝ ઈઝરાયલની વાયુસેનાના સૌથી વ્યૂહાત્મક અને મહત્વપૂર્ણ ઠેકાણામાં સામેલ છે. નેતન્યાહૂ માટે ઈરાનનું અહીં સુધી પહોંચવું એ કોઈ ખરાબ સ્વપ્નથી ઓછું નથી.

તમને જણાવી દઈએ કે, લેબનાન પર ઈઝરાયલી હુમલાઓને લઈને ઈરાને અમેરિકાને અનેક વખત ઈઝરાયલ પર લગામ કસવા માટે કહ્યું હતું. જો કે, ઈઝરાયલે આ હુમલા ન રોકતા આખરે ઈરાન પોતે જ તેની સામે મેદાને પડ્યું છે. ઈઝરાયલના આ એરબેઝ કેમ મહત્ત્વપૂર્ણ છે, જ્યાં ઈરાને કહેર વરસાવ્યો? નેવાતિમ એરબેઝ - આ ઈઝરાયલનું અત્યાધુનિક એરબેઝ છે. - ઈઝરાયલના અત્યાધુનિક F-35I Adir સ્ટીલ્થ લડાકુ વિમાનો અહીં જ તહેનાત છે. - આ જેટ્સ ઈઝરાયલની લાંબા અંતરના હુમલા કરવાની ક્ષમતાના મુખ્ય આધાર છે. - આ બેઝ પરથી ઈઝરાયલ મધ્ય પૂર્વના કોઈપણ ભાગમાં હુમલો કરી શકે છે. - ઈરાનના આ હુમલાથી ઈઝરાયલની હવાઈ તાકાતને સીધો ઝટકો લાગ્યો છે. - ગાઝા, લેબનાન, સીરિયા અને ઈરાન સાથે જોડાયેલા સૈન્ય અભિયાનોમાં આ એરબેઝની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહે છે.

## PoKમાં ભયંકર આક્રોશ: પ્રદર્શન હિંસક બનતાં 3 નાગરિકો સહિત 7ના મોત

નવી દિલ્હી

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(PoK)માં પોલીસ અને પ્રતિબંધિત સંગઠનના પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે હિંસક અથડામણ થઈ છે. આ લડાઈ રાવલકોટ શહેરમાં ફાટી નીકળી હતી, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 7 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. રાવલકોટના કમિશનર સરદાર વહીદે જણાવ્યું કે, આ હિંસામાં 3 સામાન્ય નાગરિકોના મોત થયા છે અને અન્ય




40 લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, પોલીસે પણ જણાવ્યું છે કે આ અથડામણમાં 4 પોલીસ અધિકારીઓ માર્યા ગયા છે અને બીજા 23 પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. JAACના આંદોલન પહેલા જ વણસી સ્થિતિ આ હિંસક અથડામણ 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના આંદોલનના એક દિવસ પહેલા જ થઈ છે. આ સંગઠન સુરક્ષા માટે ખતરો હોવાના કારણે તેના પર તાજેતરમાં જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. PoKમાં વધતાં તણાવને જોઈને ઈસ્લામાબાદમાં આવેલી અમેરિકન એમ્બેસીએ પોતાના નાગરિકોને સાવચેત રહેવા કહ્યું છે. સાથે જ, સ્થાનિક પ્રશાસને પણ પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરીને જૂન 5થી જૂન 20 સુધી આ વિસ્તારમાં ન આવવાની સલાહ આપી છે. JAAC સંગઠન અગાઉ પણ હિંસક વિરોધ પ્રદર્શન કરી ચૂક્યું છે અને સરકાર પર દબાણ લાવવા માટે આગામી અઠવાડિયે પણ આવું જ એક મોટું પ્રદર્શન કરવાની તૈયારીમાં છે.

## CBSE-NEET મામલે શિક્ષણ મંત્રી રાજીનામું આપે: મલ્લિકાર્જુન ખડગે

### SIRમાં કરોડો મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા, INDIA બ્લોક CJIને પત્ર લખશે

નવી દિલ્હી

દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે I.N.D.I.A. બ્લોકની બેઠક મળી હતી. કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પાર્ટીના



રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા પ્રમુખ અખિલેશ યાદવ, ટીએમસી પ્રમુખ મમતા બેનર્જી, સાંસદ અભિષેક બેનર્જી, આરજેડી નેતા તેજસ્વી યાદવ અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત અન્ય નેતાઓ બેઠકમા હાજર રહ્યા હતા. ઉદ્ધવ ઠાકરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં જોડાયા હતા. બે કલાકથી વધુ ચાલેલી બેઠક પછી બપોરે 3 વાગ્યે INDIA બ્લોક સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં ખડગેએ કહ્યું- બેઠકમાં પાંચ મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ છે. NEET દ્વારા દેશના યુવાનો સાથે દગો કરવામાં આવ્યો છે. NEET અને CBSE મુદ્દાઓ પર શિક્ષણ મંત્રીના તાત્કાલિક રાજીનામાની માંગ કરવામાં આવી છે. ખડગેએ વધુમાં કહ્યું કે પાર્ટી મોંઘવારી, બેરોજગારી અને અર્થતંત્ર મામલે દર બે મહિને બેઠકો કરશે. ઈન્ડિયા બ્લોક સીજેઆઈને SIR અને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે પણ પત્ર લખશે. આગામી બેઠક 8 ઓગસ્ટે હૈદરાબાદમાં યોજાશે. વિપક્ષ ચોમાસા સત્ર દરમિયાન પણ બેઠકો કરશે. ઈન્ડિયા એલાયન્સ SIR અને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે સીજેઆઈને પત્ર પણ લખશે. NEET અને CBSE મુદ્દાઓ અંગે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવામાં આવી છે. મોંઘવારી, બેરોજગારી અને અર્થતંત્રના મુદ્દાઓ ઉઠાવવામાં આવશે. સર્વપક્ષીય બેઠકની માંગ કરવામાં આવી છે. આગામી બેઠક 8 ઓગસ્ટે હૈદરાબાદમાં યોજાશે. વિપક્ષ અને ગઠબંધનની દર બે મહિને બેઠક મળશે. ઈન્ડિયા બ્લોકની છેલ્લી બેઠક 1 જૂન, 2024ના રોજ દિલ્હીમાં ખડગેના ઘરે મળી હતી. આનો અર્થ એ થયો કે ગઠબંધનના નેતાઓ પૂરા બે વર્ષ પછી ભેગા થયા હતા. શરદ પવારે કહ્યું- તમામ સાથી પક્ષોને એકજુથ રાખવા જરૂરી આ દરમિયાન, મહારાષ્ટ્રના બારામતીમાં NCP-SCPના વડા શરદ પવારે કહ્યું કે આ સમયે બ્લોકના તમામ પક્ષોને એકજુથ રાખવા ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના વડા શરદ પવારે સોમવારે જણાવ્યું હતું કે વિપક્ષી દળોના ઈન્ડીયા ગઠબંધનને મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ખેડા જિલ્લામાં ખાખી શરમાઈ! LCB બની 'કરપ્શન બ્રાન્ચ', 15 લાખના ભરણના વાયરલ વીડિયોથી પોલીસ બેડામાં ભડકો




## એસપી પર રાજકીય દબાણ? મનમરજી મુજબ બદલીઓ કરાવતી ભ્રષ્ટ વહીવટદારોની સિન્ડિકેટ સામે જનતાનો આક્રોશ; રાજ્યના DGP સુધી પહોંચી ફરિયાદ

બ્યુરો રિપોર્ટ, નડિયાદ

ખેડા જિલ્લામાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી એક એવી ભ્રષ્ટ સિન્ડિકેટ સક્રિય થઈ છે, જેણે કાયદો અને વ્યવસ્થાની આબરૂના ધજાગરા ઉડાવી દીધા છે. ખેડા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના બિનકાર્યક્ષમ પોલીસ ઈન્સ્પેક્ટર કેવલ વેકરિયા અને તાજેતરમાં જ બે નંબરમાં ગોઠવાયેલા હોવાની ચર્ચા જગાવનાર પી. આઈ. તેમજ જિલ્લાના કહેવાતા મુખ્ય વહીવટદાર એમ.જે. બારોટ અને ડિફોલ્ટર જયેશ રબારીની સીધી છત્રછાયા હેઠળ સમગ્ર નડિયાદ શહેર સહિત જિલ્લાભરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓનો અડ્ડો ધમધમી રહ્યો છે. આ ભ્રષ્ટાચારની પોલ ખોલતો ચકલાસીના એક બૂટલેગરનો કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર રાજ્યના ગૃહ વિભાગમાં સન્નાટો વ્યાપી ગયો છે. વાયરલ વીડિયોમાં બૂટલેગર દારૂના કાળા કારોબાર માટે રૂ. ૧૫ લાખનું તોતિંગ ભરણ ચૂકવતો હોવાનો સનસનાટીપૂર્ણ દાવો કરી રહ્યો છે.

### ચકલાસીમાં કુલદીપસિંહ રાજ: હપ્તાખોરી અને અસામાજિક બદીઓ

આ વાયરલ વીડિયોએ સૌથી મોટો સવાલ એ ઊભો કર્યો છે કે આ ગેરકાયદે ૧૫ લાખ રૂપિયા કોણ ઉઘરાવે છે અને આ મલાઈ કોના કોના સુધી પહોંચે છે? ચકલાસીના કહેવાતા રીઢા વહીવટદાર કુલદીપસિંહની રહેમનજર હેઠળ ચકલાસી અને આસપાસનો વિસ્તાર દેશી-વિદેશી દારૂ તેમજ ચિટિંગના ગેરકાયદે વેપલાઓનું હબ બની ગયો છે.

સૌથી ગંભીર બાબત તો એ છે કે, ખુદ જિલ્લાના એસપી (SP) પણ આવા રીઢા વહીવટદારોના રાજકીય દબાણ સામે ઘૂંટણ ટેકી રહ્યા હોય તેવું ચિત્ર ઊપસ્યું છે. અગાઉ, આ જ કુલદીપસિંહની છત્રછાયામાં ચાલતા મસમોટા શ્રાવણીયા જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ત્રાટકી હતી, જેના કારણે તેની બદલી લીંબાસી કરવામાં આવી હતી. પરંતુ વહીવટો કરવા ટેવાયેલો આ પોલીસકર્મી લીંબાસી હાજર જ ન થયો અને યેનકેન પ્રકારે બદલી કરાવી ફરી ચકલાસી, ત્યારબાદ એસઓજી (SOG) અને ફરી પાછો ચકલાસીમાં ગોઠવાઈ ગયો. વહીવટી તંત્રના આશીર્વાદ વગર બે-ત્રણ મહિનામાં મનમરજી મુજબની બદલીઓ કેવી રીતે શક્ય બને?

### ચેકપોસ્ટો પર ઢીલી નીતિ અને હળદરવાસમાં દારૂની 3-3 બ્રાન્ચો!

જિલ્લાની મુખ્ય બે ચેકપોસ્ટો– 'કપડવંજ રૂરલની રેલિયા' અને 'સેવાલિયાની મહારાજ ના મુવાડા' પર એવી ઢીલી નીતિ રાખવામાં આવી છે કે સેટિંગ વાળા બૂટલેગરોને પોલીસના બેરિકેટ ક્યારેય નડતા નથી. સ્ટેટ મોનિટરિંગ સેલ અવારનવાર દરોડા પાડે છે, પરંતુ ભ્રષ્ટ સિન્ડિકેટના કારણે દારૂની રેલમછેલ યથાવત છે. એલસીબીને 'કરપ્શન બ્રાન્ચ' બનાવનાર પી.આઈ. વેકરિયા નાની કામગીરી રેકોર્ડ પર બતાવી પાછળના દરવાજે મોટા બૂટલેગરોને છૂટો દોર આપી રહ્યા છે. મહેમદાવાદ પોલીસ સ્ટેશનની હદમાં હળદરવાસના બૂટલેગરે ક્રાઈમ બ્રાન્ચની મહેરબાનીથી હળદરવાસ, ઘોડાલી, વરસોલા અને મહેમદાવાદ રોડ પર દારૂની ત્રણ-ત્રણ બ્રાન્ચો ખોલી નાખી છે!

### 2009 જેવા લઠ્ઠાકાંડની રાહ જોવાય છે?

બીજી તરફ, પોતાના હોમ ટાઉન મહેમદાવાદમાં છેલ્લા ૨૦-૨૫ વર્ષથી ચીટકી રહેલા રીઢા વહીવટદાર વિનુભાઈની ભ્રષ્ટ નીતિઓ જોઈને જનતા પૂછી રહી છે કે શું ઉચ્ચ અધિકારીઓ વર્ષ ૨૦૦૯ જેવા ભયાનક લઠ્ઠાકાંડની રાહ જોઈને બેઠા છે? નડિયાદ રૂરલની વાત કરીએ તો, વહીવટદાર મુકેશ ચૌધરી અને પ્રહલાદભાઈની છત્રછાયા હેઠળ લિસ્ટેડ બૂટલેગર જીતુ તળપદા સલુણ ચોપટીમાં ખુલ્લેઆમ દારૂનું કટિંગ કરી રહ્યો છે. કેરિયાવી તાબાના આનંદપુરા કેનાલ પર લિસ્ટેડ બૂટલેગર 'લોટીયો' બેરોકટોક વિદેશી દારૂ વેચે છે. જનતાની ફરિયાદો કચરાપેટીમાં નાખી આ વહીવટદારો બૂટલેગરો પર ચાર હાથ રાખી બેઠા છે. પશ્ચિમ પોલીસ મથકથી માત્ર ૨૦૦ મીટરના અંતરે ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચાય, એ જ સાબિત કરે છે કે ખાખીનો ખોફ ખતમ થઈ ગયો છે.

### DGP સાહેબ, આ ભ્રષ્ટ ત્રિપુટીની તાત્કાલિક બદલી કરો!

રાજકીય આશીર્વાદ ધરાવતા આ કમાઉ દીકરાઓ સામે બદલીના કોઈ નિયમો લાગુ પડતા નથી. ૧૦-૧૦ વર્ષથી એક જ જગ્યાએ અડ્ડો જમાવીને બેઠેલા આ પોલીસકર્મીઓ ખાખીની છબી ખરડી રહ્યા છે અને લુખ્ખા-ગુંડા તત્વોની નાગાઈ વધી રહી છે. બંધ કવરોમાં બદલીઓના ઓર્ડર થાય છે, પણ ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ બહાર આવી જાય છે. ખેડા જિલ્લાના યુવાધનને બરબાદી તરફ ધકેલતી આ ભ્રષ્ટ જોડી પી.આઈ. કે. આર. વેકરિયા, એમ.જે. બારોટ અને તેમની આખી વહીવટદાર સિન્ડિકેટને તાત્કાલિક અન્ય જિલ્લામાં હાંકી કાઢવામાં આવે તેવી જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## રિક્ષા ગેંગનો તરખાટ યથાવત : વૃદ્ધાને રિક્ષામાં બેસાડી દાગીના સહિત 2.07 લાખની મત્તા સેરવી પલાયન

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલના 72 વર્ષીય વૃદ્ધાને મંઝિલ સુધી પહોંચાડવાના બહાને રીક્ષામાં બેસાડીને નજર ચૂકવી રિક્ષામાં સવાર ગેંગ સોનાના દાગીના - રોકડ રકમ મળીને કુલ રૂ.2.07 લાખની મત્તા તફડાવી ફરાર થઈ જતા કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલની આઝાદનગર સોસાયટીમાં રહેતા 72 વર્ષીય કોકિલાબેન હસમુખલાલ શાહ ગત તારીખ 3 જૂનના રોજ અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતી પોતાની દીકરીના ઘરેથી પરત કલોલ આવી રહ્યા હતા. તેઓ વાસણા બસ સ્ટેન્ડથી એએમટીએસ બસમાં બેસીને સવારે 10 વાગ્યાના અરસામાં ચાંદખેડા ઉતરી વાહનની રાહ જોઈ રહ્યા હતા. આ અરસામાં એક રિક્ષા આવતા તેઓ કલોલ જવા માટે રિક્ષામાં બેઠા હતા. જેમાં ડ્રાઈવરની આસપાસ બે પુરુષો અને પાછળની સીટ પર એક મહિલા પેસેન્જર અગાઉથી બેઠેલી હતી. બાદમાં રિક્ષા ચાલકે અડાલજની ગેબનશાહ પીર દરગાહ પાસે રિક્ષા ઉભી રાખી હતી. તે સમયે બાજુમાં બેઠેલી મહિલા ઉતરી ગઈ હતી અને રિક્ષાચાલકે વૃદ્ધાને કહ્યું હતું કે, હું આ બે પેસેન્જરને થોડે દૂર ઉતારીને આવું છું ત્યાં સુધી તમે અહીં ઉતરી જાવ. હું તમને થોડીવારમાં કલોલ લઈ જઈશ. જેના પર વિશ્વાસ રાખીને વૃદ્ધા નીચે ઉતર્યા હતા. અને રિક્ષાચાલક રોંગ સાઈડમાં રિક્ષા લઈને જતો રહ્યો હતો.

## ખાત્રજમાં નાસ્તાના બિલના ઝઘડામાં શ્રમજીવી યુવાનની હત્યા : પ્લાસ્ટીક પાઇપ વડે માર મારી ફરાર

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાત્રજ ચોકડી પાસે એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં સાથે કામ કરતા અને ફરવા ગયેલા બે મિત્રોએ માત્ર નાસ્તાના બિલના પૈસા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીમાં પિત્તો ગુમાવી દીધો હતો. બંને આરોપીઓએ પોતાના જ મિત્રને પ્લાસ્ટિકની પાઈપ વડે ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દીધો છે. આ મામલે સાંતેજ પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશનો રહેવાસી 27 વર્ષીય શિવકુમાર ગૌડ બે મહિના અગાઉ જ આજીવિકા મેળવવા માટે તેના ગામના રવિશંકર નામના યુવક સાથે કલોલ આવ્યો હતો. તેઓ ખાત્રજ વિસ્તારમાં રહીને ત્યાં આવેલી 'કાસ્ટિંગ એન્જિનિયરિંગ' નામની કંપનીમાં મજૂરી કામ કરતા હતા. ગત ૫ જૂનની સાંજે શિવકુમાર તેના મિત્રો ગોવિંદ પ્રેમલાલ ઠાકુર અને શિવરાજ વિનોદ ઠાકુર સાથે બહાર ફરવા ગયો હતો. આ દરમિયાન નજીકમાં આવેલા મેલડી પાર્લર ખાતે તેઓએ નાસ્તો કર્યો હતો. નાસ્તો કર્યા બાદ બિલ ચૂકવવા બાબતે શિવકુમારને તેના બંને મિત્રો સાથે સામાન્ય રકઝક થઈ હતી. આ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આરોપી ગોવિંદ અને શિવરાજે ઉશ્કેરાઈને શિવકુમારને પ્લાસ્ટિકની પાઈપ વડે બેરહેમીથી માર માર્યો હતો, જેમાં તેને નાક અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ ઈજાગ્રસ્ત શિવકુમારને તેના રૂમ પર લાવ્યા હતા. પરંતુ ત્યાં આવ્યા બાદ ફરી એ જ મુદ્દે મામલો બિચક્યો હતો. આરોપી ગોવિંદ ઠાકુરે ફરી એકવાર સફેદ રંગની પાઈપ વડે શિવકુમારને નિર્દયતાપૂર્વક ફટકાર્યો હતો અને તેને કણસતી હાલતમાં છોડીને બંને ત્યાંથી ભાગી ગયા હતા.

## વડોદરાના ગોત્રી હોસ્પિટલના મેન ગેટ પર કોન્ટ્રાક્ટરે પાઈપો ખડકતા ભારે જામ : 5 એમ્બ્યુલન્સ-હજારો લોકો અટવાયા

વડોદરા

વડોદરાની જાણીતી ગોત્રી હોસ્પિટલ બહાર કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે. થોડા દિવસ અગાઉ ઈમરજન્સી ગેટ બ્લોક કર્યા બાદ, ગઈકાલે રાત્રે કોન્ટ્રાક્ટરે ફરીથી હોસ્પિટલના મેન ગેટ પર લોખંડની પાઈપો ખડકી દીધી હતી. આ મનસ્વી વર્તનને કારણે આજે સવારથી જ હોસ્પિટલ કેમ્પસ અને બહારના રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. સવારના પીક અવર્સ દરમિયાન 4 થી 5 એમ્બ્યુલન્સો ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી, જેના કારણે દર્દીઓના જીવ જોખમમાં મુકાયા હતા.

થોડા દિવસો પહેલા જ કોન્ટ્રાક્ટર દ્વારા રોડનો એક તરફનો ભાગ બ્લોક કરીને ઈમરજન્સી ગેટ પર લોખંડની પાઈપો મૂકી દેવાઈ હતી. તે સમયે ફરજ પરના ડૉક્ટરોએ ધ્યાન દોરતા પાઈપો હટાવી લેવામાં આવી હતી. જોકે, આ ઘટનામાંથી કોઈ પાઠ ભણવાના બદલે ગઈકાલે રાત્રે ફરીથી મેન ગેટ પર જ પાઈપોનો ઢગલો કરી દેવાયો હતો. સવારના સમયે હોસ્પિટલ આવતા પેશન્ટો, ઑફિસે જતો સ્ટાફ અને વિદ્યાર્થીઓ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ પડ્યા હતા. કોન્ટ્રાક્ટરની આ એક ભૂલ અને લાપરવાહીના કારણે હજારો લોકોએ સમયસર પહોંચવામાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. આટલી મોટી સંખ્યામાં લોકો જ્યાં સંકળાયેલા હોય, ત્યાં મુખ્ય ગેટ બંધ થઈ જાય તો કેટલી મોટી આપત્તિ નોતરી શકે તેનો અંદાજ કોન્ટ્રાક્ટરે લગાવ્યો નહીં હોય કે પછી આને બુદ્ધીનું દેવાળું કહેવું? તેવા સવાલો પણ થઈ રહ્યા છે.

## જામનગરમાં મયુરનગર તેમજ ગ્રેઇન માર્કેટ વિસ્તારમાં ગઇકાલે 2 સ્થળે જુગારના દરોડા : 3 મહિલા સહિતા 11 જુગારીઓ ઝડપાયા

જામનગર

જામનગર શહેરમાં જાહેરમાં ચાલતા જુગારધામો સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના સીટી 'એ' ડિવિઝન તથા સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ દરોડા પાડી 3 મહિલાઓ સહિત કુલ 11 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પ્રથમ બનાવમાં સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નદીપા રોડ ખાંડ બજાર ગ્રેઈન માર્કેટના ખૂણા પાસે જાહેરમાં એકી-બેકી નામનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા હતા. પોલીસે દિપકભાઈ પરસોતમભાઈ ચાવલિયા અને અસ્ફાકભાઈ ઈસ્માઈલભાઈ શેખને રોકડ રૂપિયા 11,700 સાથે ઝડપી પાડ્યા હતા. બીજા બનાવમાં સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોકુલનગર મયુરનગર શેરી નં. 3 ખાતે જાહેરમાં તીનપત્તી જુગાર રમતા 3 મહિલાઓ સહિતના 9 શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા 82,000 તથા ગંજીપત્તાના પાનાં મળી કુલ રૂપિયા 82,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરોક્ત દરોડા દરમિયાન પોલીસે ચમનભાઈ કેશવજીભાઈ પાડલીયા, અજય કરણાભાઈ વાઘેલા, સંજય કિશોરભાઈ મકવાણા, ભરત રાઘવજીભાઈ પાડલીયા, જયપાલસિંહ જુવાનસિંહ જાડેજા, ભુપત ધનાભાઈ ગુજરાતી, જોસનાબેન ભુપતભાઈ ગુજરાતી, નંદકુવરબા જુવાનસિંહ જાડેજા, તેમજ કાંતાબેન ચીનાભાઈ કુનેતિયા સહિત 9 આરોપીઓની અટકાયત કરી લીધી છે.

**'પાક્કો ગુજરાત'નો બાબા બાગેશ્વરને ખુલ્લો પડકાર!**

# રાજકોટમાં બાબાના દરબારમાં 'ચુડેલ'નો ખેલ કે અંધશ્રદ્ધાનો ખરખરો?

### જો આ ખરેખર દિવ્ય શક્તિ છે, તો બાબા અમદાવાદ સિવિલ હોસ્પિટલના હજારો દર્દીઓની પીડા દૂર કરવા ક્યારે પધારે છે?

રાજકોટ

રંગેલા રાજકોટની ધરતી પરથી બાબા બાગેશ્વરના દરબારનો એક એવો ચોંકાવનારો અને કાળજું કંપાવી દે તેવો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને વિજ્ઞાન અને કાયદાના આ યુગમાં બુદ્ધિજીવીઓનું માથું શરમથી ઝૂકી ગયું છે. કથાના પંડાલમાં અચાનક એક મહિલાના શરીરમાં 'ચુડેલ' પ્રવેશે છે, તે કૂદાકૂદ કરે છે અને લોકોને મારવા દોડે છે! અંધશ્રદ્ધાના આ નગ્ન નાચને દરબારમાં હાજર હજારોની મેદની આશ્ચર્ય અને ભયથી નીહાળી રહી છે. પણ અહીં સવાલ એ ઊભો થાય છે કે– જો આ કોઈ ચમત્કાર નથી, તો પછી ભોળી જનતાને મૂર્ખ બનાવવાનો આ કેવો ખેલ છે?!

સોશિયલ મીડિયા પર આ દ્રશ્યો વાયરલ થયા બાદ જનતામાં ભારે રોષ અને તાર્કિક સવાલો ઊભા થયા છે. જો લોકોને મૂર્ખ બનાવવામાં ન આવતા હોય અને બાબા પાસે ખરેખર આવી કોઈ નકારાત્મક શક્તિઓને ભગાડવાની કે કષ્ટ દૂર કરવાની 'દિવ્ય શક્તિ' હોય, તો એ શક્તિને સો-સો પ્રણામ! પરંતુ, આ જ જાગૃત જનતા આજે બાબાને એક નમ્ર પણ સણસણતી વિનંતી કરી રહી છે.

બાબા, આપના આ જ પ્રભાવશાળી અને પાવન પગલાં જરા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પણ પાડો! ત્યાં આઈસીયુ (ICU) માં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતા માસૂમ બાળકો, કેન્સર વોર્ડમાં પીડાથી કણસતા દર્દીઓ અને લાચાર પરિવારો આપની આ 'દિવ્ય શક્તિ'ની રાહ જોઈ રહ્યા છે. જો એક ઈશારે ચુડેલ ભાગી જતી હોય, તો હોસ્પિટલના હજારો દર્દીઓના રોગ કેમ ગાયબ ન થઈ શકે?

૨૧મી સદીમાં જ્યારે મેડિકલ સાયન્સ અને ટેક્નોલોજી અસાધ્ય રોગોના ઈલાજ શોધી રહી છે, ત્યારે ધર્મના નામે સ્ટેજ પર આવા નાટકો ભજવાય તે સમાજ માટે ઘાતક છે. મનોચિકિત્સકોના મતે, આ કોઈ ભૂત-પ્રેત કે ચુડેલ નથી, પરંતુ તીવ્ર માનસિક તણાવ અને 'હિસ્ટેરિયા' નામની માનસિક બીમારીના લક્ષણો છે, જેનો ઈલાજ ડૉક્ટર પાસે છે, કોઈ બાબાના ભભૂતિ કે કાગળના ટુકડામાં નહીં.

પરંતુ, આવી બીમારીઓનો મલાજો જાળવવાને બદલે તેને કેમેરા સામે લાવી, લાઈવ ટેલિકાસ્ટ કરીને અંધશ્રદ્ધાનું માર્કેટિંગ કરવામાં આવી રહ્યું છે. જનતા પૂછી રહી છે કે, જો બાબાના આશીર્વાદથી જ બધું સાજું થઈ જતું હોય તો સરકારે કરોડોના ખર્ચે મેડિકલ કોલેજો અને હોસ્પિટલો બંધ કરી દેવી જોઈએ?




**વિસનગર શહેરમાં અરેરાટી**

## નગરસેવક દીપક મોદીએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

વિસનગર

વિસનગર શહેરમાંથી આજે વહેલી સવારે એક અત્યંત ચોંકાવનારા અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. વિસનગર નગરપાલિકાના વોર્ડ નંબર-૧ ના લોકપ્રિય નગરસેવક અને પાલિકામાં પક્ષના નેતા દીપકભાઈ મોદીએ અગમ્ય કારણોસર ટ્રેન નીચે પડતું મૂકીને આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાયેલા જનપ્રતિનિધિના આ પગલાથી રાજકીય અને સામાજિક વર્તુળો સ્તબ્ધ થઈ ગયા છે.

મળતી માહિતી મુજબ, આ કાળજું કંપાવી દેનારી ઘટના વિસનગરના પટણી દરવાજાથી માટેલ હોટલ તરફ જવાના માર્ગ પર આવેલા સ્મશાન નજીકના નાળા પાસે વહેલી સવારે ઘટી હતી. દીપકભાઈ મોદીએ ત્યાંથી પસાર થતી વરેઠા-ગાંધીનગર પેસેન્જર ટ્રેન નીચે ઝંપલાવ્યું હતું. ટ્રેનની ટક્કર એટલી પ્રચંડ અને ભયાનક હતી કે નગરસેવક દીપકભાઈનું માથું અને ધડ અલગ થઈ ગયા હતા અને તેમનું શરીર બે ભાગમાં વિભાજિત થઈ ગયું હતું. વહેલી સવારે બનેલી આ ઘટનાની જાણ વાયુવેગે શહેરમાં પ્રસરતા જ સ્થાનિક લોકો, નગરપાલિકાના હોદ્દેદારો અને તેમના પરિચિતોના મોટા ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

**ગુજરાત હાઇકોર્ટનો ઐતિહાસિક ચુકાદો**

## પોલીસની મનમાની પર લાગશે બ્રેક : આરોપીને તેની વિરુદ્ધ થયેલી અરજીની નકલ આપવી હવે 'ફરજિયાત'

ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે રાજ્યના નાગરિકોના હિતમાં અને પોલીસ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટના નવા આદેશ અનુસાર, હવેથી જ્યારે પણ કોઈ વ્યક્તિ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં કોઈ પણ પ્રકારની અરજી કે ફરિયાદ દાખલ થાય, ત્યારે પોલીસે તે અરજીની પ્રમાણિત નકલ સંબંધિત વ્યક્તિને આપવી ફરજિયાત રહેશે. પોતાનો કાનૂની બચાવ કરવા માટે આ નકલ મેળવવાનો સામા પક્ષના નાગરિકને સંપૂર્ણ કાનૂની અધિકાર છે. સામાન્ય રીતે અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે કોઈ વ્યક્તિ વિરુદ્ધ પોલીસમાં અરજી આવે ત્યારે પોલીસ માત્ર ફોન કરીને અથવા રૂબરૂ બોલાવીને તપાસના નામે દબાણ કરતી હતી. સામા પક્ષના માણસને એ પણ ખબર નથી હોતી કે તેની સામે કયા ચોક્કસ આક્ષેપો



મૂકવામાં આવ્યા છે. અરજીની નકલ ન મળવાને કારણે સામાન્ય નાગરિકો વકીલની સલાહ કે કાનૂની મદદ પણ યોગ્ય રીતે મેળવી શકતા નહોતા. હાઈકોર્ટના આ ચુકાદાથી હવે પોલીસ સ્ટેશનોમાં થતી સામાન્ય નાગરિકોની હેરાનગતિ પર કાયમી બ્રેક વાગશે. ન્યાયના સિદ્ધાંત મુજબ કોઈપણ વ્યક્તિને તેનો પક્ષ રજૂ કરવાની પૂરતી તક આપ્યા વિના દોષિત માની શકાય નહીં. તમારી સામે કોણે અને શું ફરિયાદ કરી છે, તેની ચોક્કસ વિગતો જાણવાનો તમને પૂરો હક છે. અરજીની નકલ મળવાથી વ્યક્તિ કાનૂની સલાહ લઈ શકશે અને પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરી શકશે. આનાથી પોલીસ પ્રક્રિયા વધુ લોકશાહી ઢબે અને પારદર્શક બનશે, જેથી ખોટી અરજીઓના આધારે થતી હેરાનગતિ અટકશે. આ ચુકાદા બાદ હવે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોએ આ નિયમનું ચુસ્તપણે પાલન કરવું પડશે. જો કોઈ પોલીસ અધિકારી અરજીની નકલ આપવાનો ઈનકાર કરે, તો નાગરિક હાઈકોર્ટના આ આદેશનો હવાલો આપીને પોતાના અધિકારની માગણી કરી શકે છે. કાયદાના નિષ્ણાતોના મતે, પાક્કો ગુજરાતના આ અહેવાલ મુજબ આ ચુકાદો સામાન્ય માણસના બંધારણીય હકોનું રક્ષણ કરનારું એક મોટું હથિયાર સાબિત થશે.

**ગાંધીનગરમાં ભાજપનું શક્તિપ્રદર્શન**

## રાજ્યસભાની ચૂંટણી માટે ચારેય ઉમેદવારોએ ફોર્મ ભર્યા



- **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ**
- **રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહભાઈ પરમાર અને જીતેન્દ્રભાઈ કણઝારીયાએ નોંધાવી ઉમેદવારી**

ગાંધીનગર

ગુજરાત રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આજે ગાંધીનગર ખાતે ભાજપના ચારેય સત્તાવાર ઉમેદવારોએ વિધિવત રીતે પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શીર્ષ નેતૃત્વની હાજરીમાં ભાજપે ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન મોટું શક્તિપ્રદર્શન કર્યું હતું.

ભાજપ તરફથી રાજ્યસભાના મેદાનમાં ઉતરેલા ઉમેદવારો શ્રી રાજુભાઈ શુક્લા, શ્રી મુકેશભાઈ રાઠવા, શ્રી માનસિંહભાઈ પરમાર અને શ્રી જીતેન્દ્રભાઈ કણઝારીયાએ વિજયી વિશ્વાસ સાથે પોતાના નામાંકન પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ સુપ્રત કર્યા હતા. ફોર્મ ભર્યા બાદ વિધાનસભા પરિસરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ ભવ્ય અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી સહિત પક્ષના વરિષ્ઠ હોદ્દેદારોએ ચારેય ઉમેદવારોની પીઠ થાબડી હતી અને પરંપરાગત રીતે મોં મીઠું કરાવીને ભવ્ય વિજય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. પક્ષના અગ્રણીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભાજપના ચારેય પ્રતિભાશાળી ઉમેદવારો સંસદના ઉપલા ગૃહમાં ગુજરાતના વિકાસની ગાથાને વધુ મજબૂતીથી રજૂ કરશે.

આ નામાંકન પર્વ દરમિયાન ભાજપના ધારાસભ્યો, મંત્રીઓ અને સંગઠનના અગ્રણી નેતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચારેય ઉમેદવારોના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપનું પલ્લું પહેલેથી જ ભારે હોવાથી ચારેય ઉમેદવારોની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે. સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. 'પાક્કો ગુજરાત' તરફથી તમામ ઉમેદવારોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

**રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો**

## ગુજરાતમાં ગટર સફાઈ દરમિયાન શ્રમિકોના મોતની આઘાતજનક સ્થિતિ

ગાંધીનગર

ગુજરાતમાં આધુનિકતા અને સ્વચ્છતાના નામે કરોડો રૂપિયાની જાહેરાતો વચ્ચે પણ સેપ્ટિક ટાંકી અને ગટર સફાઈ જેવી અમાનવીય પ્રથા આજે પણ યથાવત હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સુરતના ખાંડ બજાર પાસે ઈટીપી પ્લાન્ટની ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર સફાઈ કામદારોના ગૂંગળામણથી થયેલા કરુણ મોતની ઘટનાને પગલે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે સરકાર ગરીબ શ્રમિકોને માણસ ગણતી નથી.

ડૉ. બેન્કરે સરકારી આંકડાઓ ટાંકીને જણાવ્યું કે, વર્ષ ૨૦૧૭થી ૨૦૨૫ દરમિયાન સફાઈકર્મીઓના મોતના મામલે ગુજરાત સમગ્ર દેશમાં પાંચમા ક્રમે છે. આ સમયગાળામાં ઉત્તર પ્રદેશમાં ૮૬, મહારાષ્ટ્રમાં ૮૨, તમિલનાડુમાં ૭૭, હરિયાણામાં ૭૬ અને ગુજરાતમાં ૭૩ સફાઈકર્મીઓએ જીવ ગુમાવ્યા છે.

સુરત, અમદાવાદ, કલોલ, મહેસાણા અને રાજકોટ જેવા મહાનગરો તેમજ ભાવનગરની સરકારી સંસ્થામાં પણ આવી જાનલેવા ઘટનાઓ બની છે. નેશનલ કમિશન ફોર સફાઈ કર્મચારીને વર્ષ ૨૦૨૫માં ગુજરાતમાંથી ૨૮ જેટલી ફરિયાદો મળી છે.

**વડોદરા ગ્રામ્ય પોલીસનું 'ઓપરેશન પરાક્રમ'**

## ડભોઇ સરકારી હોસ્પિટલ હુમલા કેસનો ફરાર આરોપી અને આશરો આપનાર જમાઈ ઝબ્બે

વડોદરા

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા જીલ્લામાં ગુનાખોરી ડામવા અને નાસતા-ફરતા ગુનેગારોને પકડવા માટે શરૂ કરાયેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત મોટી સફળતા મળી છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક (IG) શ્રી સંદિપસિંહ અને વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક (SP) શ્રી સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસે શરીર સબંધી ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપી તથા તેને ગેરકાયદેસર આશરો આપનાર તેના જમાઈને ઝડપી પાડ્યા છે. ઘટનાની વિગત મુજબ, ગત તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ ડભોઈ સરકારી દવાખાને શરીર સબંધી ગંભીર પ્રકારનો ગુનો આચરી તેમજ સરકારી ફરજમાં રૂકાવટ કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જે અંગે ડભોઈ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૯(૧), ૧૮૯(૨) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગંભીર કેસના આરોપીઓને પકડવા નાયબ પોલીસ અધિક્ષક આકાશ પટેલની સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) અને ડભોઈ પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી.

દરમિયાન પોલીસને હ્યુમન અને ટેકનિકલ સોર્સથી ચોક્કસ બાતમી મળી હતી કે, આ કેસનો મુખ્ય ફરાર આરોપી વારીસઅલી લીયાકતઅલી સૈયદ (રહે. રાજપીપળા) હાલ શિનોર તાલુકાના માલસર ગામે છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે માલસર ગામે દરોડો પાડીને વારીસઅલીને દબોચી લીધો હતો. પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, ગુનો કર્યા બાદ તે પોતાના જમાઈ ઈક્રામહુસૈન ઈકબાલહુસૈન કાઝી (રહે. માલસર, કાઝીવાડ) ના ઘરે છુપાયો હતો. જમાઈ ઈક્રામહુસૈન સસરાના ગુનાહિત કૃત્યથી વાકેફ હોવા છતાં તેને આશરો આપ્યો હતો, જેથી પોલીસે ગુનેગારને આશરો આપવાના ગુના હેઠળ જમાઈની પણ અટકાયત કરી છે. પોલીસે બંને આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સુરતમાં ધર્મ છુપાવી હિન્દુ યુવતીને ફસાવનાર બે સંતાનનો બાપ મુસ્લિમ શખ્સ રાજકોટથી ઝડપાયો

સુરત

સુરત શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપના દુરુપયોગ મારફતે ધર્મ પરિવર્તનની બદનીયત અને શોષણનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોતે હિન્દુ અને અપરિણિત હોવાનો ખોટો દાવો કરી એક મુસ્લિમ યુવકે હિન્દુ યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવા સહિત લાખો રૂપિયા પડાવી લેવાના આ ગંભીર મામલે વેસુ પોલીસે કડક કાર્યવાહી કરીને આરોપીને રાજકોટથી દબોચી લીધો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, આરોપી વિધર્મી યુવકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડેટિંગ એપ પર પોતાની ખોટી ઓળખ ઊભી કરી સુરતની ભોગ બનનાર યુવતી સાથે સંપર્ક સાધ્યો હતો. શરૂઆતમાં મિત્રતા કેળવી પોતે હિન્દુ અને ક્વારો હોવાનું ખોટું જણાવી યુવતીનો વિશ્વાસ જીતી લીધો હતો.

**DGP જી.એસ. મલિકે**

## રાજ્યના નવા આજે પોલીસ ભવન ખાતે વિધિવત રીતે સાંભળ્યો પોતાનો પદભાર

ગાંધીનગર

ગુજરાત રાજ્યના નવનિયુક્ત DGP તરીકે IPS અધિકારી જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે (જી.એસ. મલિક) આજે ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે.

નવા પોલીસ વડાના આગમન મિશનને યાદગાર બનાવવા માટે પોલીસ ભવન કચેરીના પ્રાંગણમાં ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ગુજરાત પોલીસની વિશેષ ટુકડી દ્વારા નવા DGP જી.એસ. મલિકને પરંપરાગત શૈલીમાં અને પૂરા સન્માન સાથે 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. આ દરમિયાન



વિભાગના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, જી.એસ. મલિક અત્યાર સુધી અમદાવાદ શહેરના પોલીસ કમિશનર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા તેમની ઉત્કૃષ્ટ કામગીરી અને દીર્ઘ વહીવટી અનુભવને ધ્યાને રાખીને ગુજરાતના કાયમી પોલીસ વડા (DGP) તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યાં સુધી અમદાવાદમાં નવા પોલીસ કમિશનરની કાયમી નિમણૂક ન થાય, ત્યાં સુધી અમદાવાદ સીપી (CP) તરીકેનો એડિશનલ ચાર્જ પણ તેમની પાસે જ યથાવત્ રહેશે. તેમના સત્તાવાર ચાર્જ સંભાળવાથી હવે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

500 અધિકારીઓ અને પોલીસ તૈનાત

# અંબાજીમાં શક્તિ કોરિડોર માટે દબાણ હટાવ ઝુંબેશ શરૂ : 4 ઝોનમાં કાર્યવાહી



અંબાજી

યાત્રાધામ અંબાજીમાં શક્તિ કોરિડોર પ્રોજેક્ટને વેગ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા એક મોટું કદમ ઉઠાવવામાં આવ્યું છે. અંબાજીમાં શક્તિ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત આજથી ભવ્ય દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. આ સમગ્ર કામગીરીને સુઆયોજિત રીતે પાર પાડવા માટે સમગ્ર વિસ્તારને કુલ 4 ઝોનમાં વહેંચી દેવામાં આવ્યો છે અને તમામ ઝોનમાં એકસાથે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. શક્તિ કોરિડોરના નિર્માણમાં અવરોધરૂપ બનતા દબાણોને દૂર કરવા માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ એક્શન મોડમાં જોવા મળ્યું છે. આ મેગા ઓપરેશનમાં 500થી વધુ વહીવટી અને પોલીસ અધિકારીઓનો કાફલો મેદાનમાં ઉતારવામાં આવ્યો છે. જેમાં એસડીએમ, ડીવાયએસપી, મંદિરના વહીવટદાર, પીઆઈ અને મામલતદાર સહિતના ઉચ્ચ સ્તરીય અધિકારીઓ પોતે સ્થળ પર હાજર રહીને સમગ્ર કામગીરીનું સુકાન સંભાળી રહ્યા છે. દબાણ હટાવવાની આ ઝુંબેશ દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અંબાજીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરીને સમગ્ર વિસ્તારને સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે. ગેરકાયદેસર બાંધકામો અને દબાણોને ઝડપથી દૂર કરવા માટે અસંખ્ય જેસીબી મશીનો અને ટ્રેક્ટરો સહિતની ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, શક્તિ કોરિડોરનું કામ અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે. અંબાજી આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરના ભવ્ય વિકાસ માટે આ પ્રોજેક્ટ અત્યંત મહત્વનો છે, જેના ભાગરૂપે જ આ કડક દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આવનારા દિવસોમાં પણ આ ઝુંબેશ આ જ રીતે ચાલુ રહેશે તેમ લાગી રહ્યું છે.

છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસની લાલ આંખ

# ગેરકાયદે અને ભયજનક રીતે મુસાફરોની હેરાફેરી કરતા સાત વાહનો ડિટેઇન કરાયા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ પર અંકુશ લાવવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડાની સૂચના અનુસાર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા એક ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત છોટાઉદેપુર અને કવાંટ પંથકમાં ગેરકાયદેસર તેમજ ભયજનક રીતે મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેટલાક વાહન ચાલકો પોતાના આર્થિક ફાયદા માટે મુસાફરોના જીવ જોખમમાં મૂકીને વાહનોની છત પર પેસેન્જરો બેસાડીને ઓવરલોડ વહન કરતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન



વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.આ ચેકિંગ દરમિયાન નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૨ વાહનો અને કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૫ વાહનો મળી કુલ ૭ ઓવરલોડ વાહનોને મોટર વ્હીકલ એક્ટ (M.V. Act) ની કલમ ૨૦૭ મુજબ ડિટેઈન કરવામાં આવ્યા છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે

ટ્રાફિક પોલીસે માત્ર ઓવરલોડ વાહનો જ નહીં, પરંતુ માર્ગ અકસ્માત માટે જવાબદાર અન્ય પરિબળો સામે પણ સકંજો કસ્યો છે. સ્પીડ લિમિટ કરતા વધુ ઝડપે વાહન ચલાવતા (ઓવર સ્પીડ) ૦૬ વાહન ચાલકો સામે કેસ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, દારૂ પીને બેજવાબદારીપૂર્વક વાહન ચલાવતા (ડ્રિંક એન્ડ ડ્રાઈવ) ૦૪ ચાલકોને પણ ઝડપી પાડી તેમની વિરૂદ્ધ કાયદાનો કોરડો વીંઝવામાં આવ્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી યુવા સમિતિ દ્વારા

# આદિવાસી સમાજના હિત સાથે જોડાયેલા વિવિધ મહત્વના પ્રશ્નોને લઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

છોટા ઉદેપુર, ઇમરાન મિર્ઝા

અનુસૂચિત વિસ્તારના ગામોમાં ગ્રામસભાની મંજૂરી વિના જમીન સંપાદન માટે કરવામાં આવી રહેલા સર્વે અને કામગીરીને તાત્કાલિક બંધ કરવા,....જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવા.... તેમજ નલ સે જલ યોજના અને નર્મદાના પાણીના યોગ્ય વિતરણ સહિતના મુદ્દાઓને લઈને રજૂઆત કરવામાં આવી છે. સમિતિએ ચેતવણી આપી છે કે જો કાયદાકીય જોગવાઈઓનું પાલન નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આદિવાસી યુવા સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને વિવિધ પ્રશ્નોને લઈને આવેદન આપ્યું હતુ. સમિતિએ જણાવ્યું હતું કે જિલ્લાના અનુસૂચિત પંચાયત વિસ્તારોમાં અનેક વિકાસ પ્રોજેક્ટો, રોડ,



ઔદ્યોગિક એકમો તેમજ અન્ય સરકારી યોજનાઓ માટે જમીન સંપાદન અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ પંચાયત (વિસ્તાર વિસ્તરણ) અધિનિયમ એટલે કે પેસા કાયદા મુજબ ગ્રામસભાની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત હોવા છતાં ઘણી જગ્યાએ આ પ્રક્રિયાને અવગણીને કામગીરી કરવામાં આવી રહી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. સમિતિના આગેવાનોના જણાવ્યા મુજબ આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભા સર્વોચ્ચ નિર્ણયક સંસ્થા છે અને ગ્રામજનોની મંજૂરી વિના જમીન, જંગલ અને કુદરતી સંપત્તિ સાથે સંકળાયેલા કોઈપણ નિર્ણય લેવો કાયદાની ભાવના વિરુદ્ધ છે. તેથી જ્યાં જ્યાં ગ્રામસભાની મંજૂરી વગર સર્વે અથવા જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી હોય તેને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે અને ગ્રામસભાના ઠરાવ બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આવેદનમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. સમિતિએ જણાવ્યું હતું કે અનામત બેઠકો પર ચૂંટાયેલા કેટલાક પ્રતિનિધિઓના જાતિ દાખલાઓ અંગે સમાજમાં શંકા અને ચર્ચાઓ ચાલી રહી છે. જેથી તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓના જાતિ પ્રમાણપત્રોની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ સામે આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

લીમડીથી ઝાલોદ સુધી કર્યો પીછો, CCTVમાં કેદ થઈ સમગ્ર હરકત

# ઝાલોદમાં મહિલા ચોર ટોળકીનો આતંક : વેપારીનો પીછો કરી રિક્ષામાં જ ચાંદીના રૂ.1.55 લાખના દાગીના ઉઠાવી ફરાર

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરમાં એક સુનિયોજિત ચોરીની ઘટનાએ વેપારીઓમાં ચિંતા ફેલાવી છે. અમદાવાદના ચાંદીના દાગીનાના વેપારીને નિશાન બનાવી મહિલા ચોર ટોળકીએ ફિલ્મી ઢબે ચોરીને અંજામ આપ્યાનો મામલો સામે આવ્યો છે. ચાર મહિલાઓ અને એક બોલેરો ચાલક દ્વારા વેપારીનો લીમડીથી ઝાલોદ સુધી પીછો કરીને રિક્ષામાં જ રૂ.1.55 લાખની ચાંદીની ચીજવસ્તુઓ ચોરી લઈ જવામાં આવી હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.

ફરિયાદી શીવલાલભાઈ જેઠમલજી સોની (ઉ.વ.62), હાલ અમદાવાદ ખાતે રહે છે અને ચાંદીના દાગીનાનો વેપાર કરે છે. તેઓ 19 માર્ચ, 2026ના રોજ અમદાવાદથી દાહોદ જિલ્લામાં વેપારીઓને ચાંદીની વસ્તુઓની ડિલિવરી આપવા નીકળ્યા હતા. લીમડી ખાતે ડિલિવરી આપ્યા બાદ તેઓ ઝાલોદ પહોંચ્યા હતા.

ઝાલોદ બસ સ્ટેન્ડ બહારથી બજાર જવા માટે ફરિયાદી રિક્ષામાં બેઠા હતા. તે દરમિયાન એક રાજસ્થાન પાસિંગની બોલેરો ગાડીમાંથી ચાર મહિલાઓ ઉતરી આવી હતી. જેમાંથી ત્રણ મહિલાઓ ફરિયાદીની બાજુમાં પાછળની સીટ પર અને એક મહિલા ડ્રાઈવરની બાજુમાં બેઠી હતી. રિક્ષા નકજી ચોકડી નજીક પહોંચતા ફરિયાદી ઉતરી ગયા, પરંતુ થોડા જ સમયમાં તેમને પોતાની બેગનું વજન ઓછું લાગતાં તપાસ કરતા ચાંદીના દાગીના ગાયબ હોવાનું જાણવા મળ્યું.

ચોર ટોળકી ફરિયાદીની બેગમાંથી 11 ડઝન ચાંદીની વીંટીઓ (360 ગ્રામ), 43 ચાંદીની કંઠીઓ તથા 43 બાળકોના નજરિયા મળી કુલ અંદાજે રૂ.1,55,000ની ચાંદીની ચીજવસ્તુઓ ચોરી કરી ફરાર થઈ ગઈ હતી.

બીજા દિવસે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે તપાસ દરમિયાન CCTV ફૂટેજ જોતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ફૂટેજમાં ચારેય મહિલાઓ રાજસ્થાન પાસિંગની બોલેરો ગાડી નં. RJ-03-SA-7822માંથી ઉતરી ફરિયાદી સાથે રિક્ષામાં બેસતી જોવા મળી હતી. વધુમાં, આ બોલેરો ગાડી લીમડીથી જ બસનો પીછો કરતી હોવાનું પણ ફૂટેજમાં સામે આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ મહિલાઓનો પહેરવેશ રાજસ્થાન વિસ્તારનો લાગતો હતો. ઘટના બાદ લાંબા સમય સુધી મહિલાઓ અને બોલેરો ગાડી અંગે ખાનગી સ્તરે તપાસ કરાઈ હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો નહોતો. અંતે ફરિયાદીએ પોતાના પુત્ર સાથે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનાએ દાહોદ જિલ્લાના વેપારીઓમાં ચિંતા ઊભી કરી છે. મહિલા ચોર ટોળકીઓ દ્વારા મુસાફરો અને વેપારીઓને નિશાન બનાવવાના બનાવો વધતા હોવાની ચર્ચા વચ્ચે ઝાલોદમાં બનેલી આ ઘટના વેપારીઓ માટે ચેતવણીરૂપ બની છે.

# મહુડી નજીક બેફામ નેક્સોન કારની ટક્કરથી બે યુવકો ગંભીર રીતે ઘાયલ

ઝાલોદ તાલુકામાં માર્ગ અકસ્માતની ઘટના; બંને ઈજાગ્રસ્તોના પગમાં ફ્રેક્ચર

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મહુડી ગામ નજીક શનિવારે થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ઝાલોદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં બંને ઈજાગ્રસ્તોના પગમાં ફ્રેક્ચર થયાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, છાસીયા સુવર ફળિયા ખાતે રહેતા અજીતભાઈ સોમાભાઈ સુવર અને તેમના મિત્ર જીગ્નેશભાઈ ગુરુદાસભાઈ ગરાસિયા શનિવારે સવારે મહુડી ગામની ચોકડી વિસ્તારમાં શાકભાજી લેવા માટે મોટરસાયકલ પર ગયા હતા. શાકભાજી ખરીદી કર્યા બાદ બંને મિત્રો પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા.

મહુડી ગામથી આગળ એક કંપની નજીક પહોંચતા સામેથી આવી રહેલી નેક્સોન કાર (રજિસ્ટ્રેશન નંબર MH-14-ND-3194) અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે મોટરસાયકલ પર સવાર બંને યુવકો રસ્તા પર પટકાયા હતા.

અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ 108 ઈમરજન્સી સેવાને કરવામાં આવતા એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને ઈજાગ્રસ્તોને ઝાલોદની અચિવ ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલના તબીબોની પ્રાથમિક તપાસમાં અજીતભાઈને માથાના ભાગે ઈજાઓ ઉપરાંત ડાબા હાથ અને જમણા પગમાં ફ્રેક્ચર થયાનું જાણવા મળ્યું હતું. જ્યારે તેમના મિત્ર જીગ્નેશભાઈ ગરાસિયાને જમણા પગના ઘૂંટણ અને પંજાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી તથા પગના બે સ્થળે ફ્રેક્ચર થયાનું તબીબોએ જણાવ્યું હતું.

મોબાઇલના વધતા ઉપયોગ વચ્ચે

# યુવાનોને રમતગમત તરફ વાળતો ભજપુરા ક્રિકેટ મહાકુંભનો ભવ્ય સમાપન

સાબરકાંઠા, દુર્ગેશ જયસ્વાલ

ઈડર તાલુકાના ભજપુરા ગામ ખાતે વાયુ નેત્ર યુથ એન્ડ ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા આયોજિત વાઈબ્રન્ટ યુથ ક્રિકેટ ટુર્નામેન્ટ-2026નો રવિવારે રાત્રે ફાઈનલ મેચ સાથે ભવ્ય સમાપન થયો હતો. ટુર્નામેન્ટમાં કુલ 90 ટીમોના અંદાજે 1400થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જ્યારે ફાઈનલ મુકાબલો નિહાળવા માટે આસપાસના ગામોમાંથી 5000થી વધુ રમતપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ મેત્રાલ અને ચોરીવાડ ગામની ટીમો વચ્ચે રમાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ભજપુરા ગામની નાની




દીકરીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સાબરકાંઠાના એસ. પી. ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ઈડર ડીવાયએસપી સ્મિત ગોહિલ, સોહમપુરી મહારાજ, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, વડાલી મામલતદાર હર્ષભાઈ પરમાર, વડાલી તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ પટેલ, સાબરકાંઠા ડેરીના વાઈસ ચેરમેન ઋતુરાજભાઈ પટેલ, ઈડર-વડાલી ધારાસભ્ય રમણલાલ વોરા, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ, ઈડર કોલેજ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં યુવાનો મોબાઈલ અને સોશિયલ મીડિયામાં વધુ સમય વિતાવી રહ્યા છે, જેના કારણે તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. આવા રમતગમતના આયોજનો યુવાનોને મેદાન તરફ આકર્ષી તેમની પ્રતિભાને નીખારવાની સાથે નશા જેવી સામાજિક બુરાઈઓથી દૂર રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

તંત્રની ઘોર બેદરકારી

# ડભોઇ તાલુકાનો કાયાવરોહણ-પોર માર્ગ 5 વર્ષથી બિસ્માર, ગ્રામજનોમાં ભારે રોષ

ડભોઇ

ડભોઈ તાલુકામાં વહીવટી તંત્રની આળસ અને કોન્ટ્રાક્ટરોની મનસ્વી કામગીરીનો જીવતો જાગતો નમૂનો સામે આવ્યો છે. તાલુકાના અતિ મહત્વના ગણાતા કાયાવરોહણથી પોરને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી બિસ્માર અને અધૂરી હાલતમાં રઝળી રહ્યો છે. તંત્રની કાચબા ગતિના કારણે સ્થાનિક ગ્રામજનો અને રોજિંદા વાહનચાલકો નરકાગાર જેવી સ્થિતિનો સામનો કરવા મજબૂર બન્યા છે. વારંવારની લેખિત-મૌખિક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય આવતા હવે આસપાસના ડઝન જેટલા ગામોના સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે જનરોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વર્ષો પહેલા આ રોડના નવીનીકરણનું કામ મોટા ઉપાડે શરૂ કરાયું હતું, પરંતુ અગમ્ય કારણોસર કામગીરી અધવચ્ચે જ અટકાવી દેવાઈ હતી. હાલ આ માર્ગ ધૂળની ડમરીઓ, મસમોટા ખાડાઓ અને કપચીઓથી ઉભરાઈ રહ્યો છે.

સૂકી ઋતુમાં ઉડતી ધૂળને કારણે લોકોને શ્વાસની બીમારીઓ થઈ રહી છે, જ્યારે રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થવું મોતના મોંમાં જવા સમાન બન્યું છે. હવે ચોમાસાની ઋતુ નજીક આવતા જ વાહનચાલકોના જીવ તાળવે ચોંટી ગયા છે, કારણ કે વરસાદી પાણી ભરાવાને લીધે ખાડા દેખાતા નથી અને અકસ્માતનું જોખમ વધી જાય છે.

ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા સવાલ ઉઠાવ્યો છે કે, શું તંત્ર કોઈ મોટી હોનારત કે કોઈનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે? પાંચ-પાંચ વર્ષ સુધી એક રસ્તાનું કામ કેમ પૂરું ન થઈ શક્યું? સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે યુદ્ધના ધોરણે આ માર્ગનું કામ પૂર્ણ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન અને ચક્કાજામ કરવામાં આવશે.

# રશિયામાં વર્ક પરમિટ અને ઊંચા પગારની લાલચ આપી 32 ભારતીયોને ફસાવનાર એજન્ટ ઝડપાયો

આકર્ષક માસિક પગારની માયાજાળ રચી કબૂતરબાજી આચરનાર શખ્સને આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે દબોચ્યો : વિદેશ જવા ઈચ્છુકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો

આણંદ

ગુજ રા તમાંથી ગેરકાયદેસર રીતે કે લાલચ આપીને વિદેશ મોકલ તા એજન્ટો અને કબૂતરબાજી આચરતા તત્વો સામે આણંદ પોલીસે લાલ આંખ કરી છે. આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ એક મોટી સફળતા મેળવતા, વર્ક પરમિટ અને આકર્ષક માસિક પગારની ખોટી લાલચ આપીને ૩૨ જેટલા નિર્દોષ ભારતીય નાગરિકોને રશિયા મોકલી આપવાના મસમોટા કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય એજન્ટની ધરપકડ કરી લીધી છે. આણંદ પોલીસની આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર વિદેશ



મોકલતા એજન્ટ આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, પકડાયેલા એજન્ટ દ્વારા સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના યુવકોને નિશાન બનાવવામાં આવતા હતા. રશિયામાં ખૂબ જ આકર્ષક માસિક પગાર મળશે અને કાયદેસરની વર્ક પરમિટ કરાવી આપવામાં આવશે તેવા મોટા-મોટા વાયદાઓ કરીને આ એજન્ટોએ ૩૨ ભારતીય નાગરિકોને રશિયા મોકલી આપ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. વિદેશ પહોંચ્યા બાદ આ નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હોવાનું સામે આવતા આણંદ પોલીસ એક્શન મોડમાં આવી હતી. આણંદ જીલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે આ વિદેશી રેકેટના મૂળ સુધી પહોંચવા માટે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. આણંદ એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને આ ગુનામાં સંડોવાયેલા એજન્ટને ઝડપી પાડ્યો છે. આણંદ પોલીસે પકડાયેલા આરોપી એજન્ટ વિરૂદ્ધ માનવ તસ્કરી, છેતરપિંડી સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આ એજન્ટ પાસેથી કયા કયા દસ્તાવેજો મળ્યા છે અને અત્યાર સુધીમાં તેણે કેટલા રૂપિયાની હેરાફેરી કરી છે તેની પણ જીણવટભરી તપાસ ચાલી રહી છે. આગામી દિવસોમાં આ કબૂતરબાજીના નેટવર્કમાં અન્ય મોટા માથાઓના નામ ખૂલે તેવી પૂરેપૂરી સંભાવના છે. 'પાક્કો ગુજરાત' આ કેસની પળેપળની અપડેટ આપ સુધી પહોંચાડતું રહેશે.

# લો બોલો...! સુપ્રીમ કોર્ટના પૂર્વ જજે બનાવી 'ઇશ્ક કરો પાર્ટી' : સીજેપીના નેતાને કહ્યા બેવકૂફ

અમદાવાદ

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ માર્કન્ડેય કાત્જુએ એક અનોખો રાજકીય પ્રયોગ કરતા 'ઈશ્ક કરો પાર્ટી' (IKP) નામે નવો પક્ષ શરૂ કરવાની જાહેરાત કરી છે. જસ્ટિસ કાત્જુ પોતે આ પક્ષના સંરક્ષક રહેશે અને ઈરફાન અલીને પક્ષના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ૪૪ વર્ષથી વધુ ઉંમરના લોકો આ પક્ષમાં જોડાઈ શકશે. જસ્ટિસ કાત્જુએ સ્પષ્ટ કર્યું છે કે, આ પક્ષ કોઈ મજાક કે છોકરા-છોકરીઓ વચ્ચે રોમાન્સને પ્રોત્સાહન આપવા માટે નથી, પરંતુ દેશની પ્રચંડ સમસ્યાઓ સામે લડવાનો ગંભીર પ્રયાસ છે. તેનો મુખ્ય હેતુ ગરીબી, બેરોજગારી, બાળ કુપોષણ, મોંઘવારી અને નબળા શિક્ષણ-આરોગ્ય જેવા પાયાના મુદ્દાઓ ઉઠાવવાનો છે. સ્વાર્થી રાજકારણીઓએ વોટ બેંક માટે જ્ઞાતિ અને ધર્મના નામે લોકોને વહેંચ્યા છે, ત્યારે તમામ ભેદભાવ ભૂલીને લોકો પ્રત્યે પ્રેમ (ઈશ્ક) રાખવા અને એકતા વધારવા માટે આ પક્ષ માર્ગદર્શન આપશે. ટૂંક સમયમાં જ પક્ષની સત્તાવાર વેબસાઈટ, ઈન્સ્ટાગ્રામ અને સભ્યપદ માટે મેઈલ આઈડી જાહેર કરાશે. બીજી તરફ, જસ્ટિસ કાત્જુએ 'સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ' (CJP) આંદોલન પર આકરા પ્રહારો કર્યા છે.

શહેરા તાલુકાની જીવાદોરી ગણાતી

# પાનમ હાઇલેવલ કેનાલની આસપાસ રેલિંગના અભાવે અકસ્માતનો ભય સર્જાયો

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના ખેડૂતો માટે જીવાદોરી સમાન ગણાતી પાનમ હાઈલેવલ કેનાલ અત્યારે આસપાસના ગ્રામજનો માટે ભયનો પર્યાય બની રહી છે. શહેરા તાલુકામાંથી પસાર થતી આ કેનાલના કિનારે કેટલીક જગ્યાએ પ્રોટેક્શન રેલિંગ ન હોવાના કારણે સ્થાનિક રહીશોમાં અકસ્માતનો ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો દ્વારા આ ખુલ્લી કેનાલની આસપાસ તાકીદે મજબૂત રેલિંગ કરવામાં આવે તેવી લોકમાગ પ્રબળ બની છે.

પંચમહાલ શહેરા તાલુકાના લાભી ગામ પાસેથી આ મહત્વકાંક્ષી પાનમ હાઈલેવલ કેનાલની શરૂઆત થાય છે. આ કેનાલમાંથી ખેડૂતો પંપ દ્વારા પાણી મેળવીને ખેતીમાં પિયત કરે છે, જે પ્રશંસનીય છે. પરંતુ સિક્કાની બીજી બાજુ એ છે કે આ કેનાલ કેટલીક સંપૂર્ણપણે ખુલ્લી છે અને તેની બિલકુલ નજીકથી જ



ગ્રામીણ રસ્તાઓ પસાર થાય છે. તાલુકાના લાભી અને ભદ્રાલા ગામને અડીને પસાર થતી આ કેનાલ પાસે માનવ વસ્તી અને લોકોના ઘરો આવેલા છે.લોકોના જણાવ્યા અનુસાર, લાભી ગામના 'ઘોડા ફળિયા' પાસેથી પસાર થતી કેનાલ કિનારે રેલિંગનો મોટો અભાવ જોવા મળી રહ્યો છે. અગાઉ ગ્રામજનોએ કરેલી વારંવારની રજૂઆતોને ધ્યાને લઈને તંત્ર દ્વારા આ વિસ્તારમાથી પસાર થતી કેનાલ પર રેલિંગ નાખવામાં આવી હતી. હાલમાં સ્થિતિ એવી છે કે કેનાલ પર કેટલીક જગ્યાએ રેલિંગ દેખાય છે, જ્યારે કેટલીક જગ્યાઓ સાવ ખુલ્લી પડી છે.


કેનાલની બાજુમાં આવેલા રસ્તાનો ઉપયોગ સ્થાનિક લોકો રોજિંદી અવરજવર માટે કરે છે. શાળાએ જતા બાળકો પણ દરરોજ આ જ જોખમી રસ્તા પરથી પસાર થાય છે. ચોમાસાની ઋતુમાં કે રાત્રિના અંધારામાં અહીંથી પસાર થતી વખતે પગ લપસવાના કારણે કે વાહન સ્લિપ થવાના કારણે મોટી હોનારત સર્જાઈ શકે છે. ભૂતકાળમાં આ કેનાલોમાં લોકો પડી જવાથી ઘટનાઓ બની છે.સ્થાનિક ગ્રામજનોની એક જ માંગ છે કે, તંત્ર કોઈ મોટી દુર્ઘટના ઘટે તેની રાહ જોયા વિના, બાકી રહેલી તમામ જગ્યાઓ પર સત્વરે મજબૂત રેલિંગ ફિટ કરાવે જેથી કોઈનો વહાલસોયો જીવ ન ગુમાવવો પડે.

## તંત્રી લેખ...

# સહેલું છે રાજા બની જવું, અઘરું તો રાજા બનીને રહેવું છે...!

### પદ અને સત્તા મેળવવી એ માત્ર સમયનો ખેલ હોઈ શકે, પણ એ પદની ગરિમા અને સિંહાસનનો ધર્મ આજીવન નિભાવવો એ જ ખરા 'રાજા'ની ઓળખ છે

કહેવાય છે કે આ દુનિયામાં સપના જોવાની અને સત્તાના શિખરો સર કરવાની ઈચ્છા દરેક વ્યક્તિ રાખે છે. કોઈ ઊંચા પદ પર બેસી જવું, સમાજમાં નામ કમાઈ લેવું કે વટથી 'રાજા' જેવી જિંદગી જીવવી એ કદાચ આજની દુનિયામાં બહુ અઘરું નથી. પરિસ્થિતિ, નસીબ, મહેનત કે સમયના કોઈ વળાંકે માણસ સિંહાસન સુધી પહોંચી જતો હોય છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે, 'સહેલું છે રાજા બની જવું અઘરું તો રાજા બનીને રહેવું છે!'



સત્તા મેળવવી એ અકસ્માત હોઈ શકે, ટકાવી રાખવી એ લાયકાત છે

આજે રાજકારણ હોય, કોર્પોરેટ જગત હોય કે આપણું સામાજિક જીવન– પદ અને પ્રતિષ્ઠા મેળવવા માટે લોકો યેનકેન પ્રકારે દોટ મૂકે છે. કોઈ ચૂંટણી જીતીને નેતા બની જાય છે, કોઈ વહીવટમાં આવીને મોટો અધિકારી બની જાય છે, તો કોઈ ધનના જોરે પોતાને સર્વોપરી માની લે છે. આ બધું જ 'રાજા બની જવા' સમાન છે. પરંતુ ખરો પડકાર સિંહાસન પર બેઠા પછી શરૂ થાય છે. સત્તાના નશામાં ચૂર થઈને પ્રજાને ભૂલી જવી, અહંકારના સાતમા આસમાને વિહરવું એ પતનનું પ્રથમ પગથિયું છે. જે રાજા પોતાના પદની ગરિમા અને ન્યાયપ્રિયતા ગુમાવી બેસે છે, એનું સિંહાસન હલતાં વાર નથી લાગતી.

સિંહાસન એ વૈભવ નથી, જવાબદારીનો તાજ છે

રાજા બનવું એટલે માત્ર હુકમ ચલાવવો કે સલામીઓ ઝીલવી એવું નથી. ખરો રાજા એ છે જે સિંહાસન પર બેઠા પછી પણ પોતાની પ્રજા, પોતાના માણસો પ્રત્યે સંવેદનશીલ રહે છે. સિંહાસન એ કોઈ ભોગ-વિલાસની વસ્તુ નથી, એ તો કાંટાનો તાજ છે. જ્યારે તમારી પાસે સત્તા આવે છે, ત્યારે તેની સાથે લાખો લોકોની અપેક્ષાઓ અને કાયદાનું શાસન જાળવવાની ભગીરથ જવાબદારી પણ આવે છે. લોકહિત માટે પોતાના સુખોનો ત્યાગ કરવો અને કટોકટીના સમયે પણ અડગ રહીને ન્યાયના પક્ષે ઊભા રહેવું, એ જ વ્યક્તિ ખરા અર્થમાં લાંબો સમય 'રાજા' બનીને જીવી શકે છે.

ઈતિહાસ માત્ર વિજેતાઓને નહીં, ન્યાયીઓને યાદ રાખે છે

ઈતિહાસના પાનાઓ પર નજર કરશો તો સમજાશે કે આ પૃથ્વી પર હજારો રાજાઓ આવ્યા અને ગયા. જેઓ માત્ર સત્તાના જોરે રાજા બન્યા હતા, એમના નામ કાળના પ્રવાહમાં ક્યાંક ભુસાઈ ગયા. પણ જેઓ રાજા બનીને 'રહ્યા', જેમણે પ્રજાના દિલ પર રાજ કર્યું, એવા છત્રપતિ શિવાજી મહારાજ કે મહારાણા પ્રતાપ જેવા યોદ્ધાઓ આજે સદીઓ પછી પણ લોકોના હૃદયમાં જીવંત છે.

આજની કડવી વાસ્તવિકતા:

આજના આધુનિક યુગમાં પણ આ પંક્તિ એટલી જ પ્રાસંગિક છે. આજે ખાખી વર્દી પહેરીને કે નેતાની ખુરશી પર બેસીને પોતાની જાતને 'રાજા' સમજતા લોકોએ યાદ રાખવું પડશે કે, ખુરશી કાયમી નથી હોતી. ખુરશી પર બેસીને તમે કેવા નિર્ણયો લો છો, તમારી નીતિ કેટલી સાફ છે અને તમારી પ્રજા તમારાથી કેટલી સુરક્ષિત છે, એ જ નક્કી કરશે કે તમે ઈતિહાસમાં અમર થશો કે વિસ્મૃતિના અંધકારમાં ધકેલાઈ જશો.

રાજા બનવું એ ક્ષણિક સફળતા હોઈ શકે, પણ રાજા બનીને સિંહાસન અને સચ્ચાઈનો ધર્મ નિભાવવો એ આજીવનની સાધના છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઓપરેશન છોટુ વસાવા: ગુજરાત પોલીસના ઇતિહાસનો એ માસ્ટરસ્ટ્રોક, જે આજે પણ છે નવા અધિકારીઓ માટે 'કેસ સ્ટડી'

### આઈપીએસ જી.એસ. મલિકનું માઇન્ડ, પીએસઆઇ મિની જોસેફની નીડરતા અને એલસીબી પીઆઇ દિલીપ અગ્રાવતનું મજબૂત બેકબોન; વાંચો 22 વર્ષ જૂના એ હાઇ-પ્રોફાઇલ ઓપરેશનની રોમાંચક કવર સ્ટોરી

બ્યુરો રિપોર્ટ, ભરૂચ:

ગુજરાત પોલીસના ઈતિહાસમાં ભરૂચ પોલીસ દ્વારા પાર પાડવામાં આવેલું 'ઓપરેશન છોટુ વસાવા' આજે પણ સસ્પેન્સ, પાવરફુલ રણનીતિ અને નીડરતાની એક અદભુત મનોવૈજ્ઞાનિક કવર સ્ટોરી સમાન છે. આ એ સમયનો કિસ્સો છે જ્યારે ભરૂચ, નર્મદા અને આસપાસના આદિવાસી પટ્ટામાં ઝઘડિયાના તત્કાલીન ધારાસભ્ય છોટુ વસાવાનો ભારે દબદબો હતો. સામાન્ય રીતે પોલીસ પણ તેમના વિસ્તારમાં જતા ખચકાતી હતી, કારણ કે હજારો સમર્થકો પળવારમાં રસ્તા પર ઉતરી આવે તેમ હતા. પરંતુ કાયદો બધા માટે સમાન છે તે સાબિત કરનાર તત્કાલીન એસપી અને ગુજરાતના વર્તમાન ડીજીપી જી.એસ. મલિકના નેતૃત્વમાં આ આખું ઓપરેશન કોઈપણ લોહી વહેવડાવ્યા વિના કેવી રીતે પાર પડ્યું, તેની વિગતો અત્યંત રસપ્રદ છે.

## ધરપકડનું પૃષ્ઠભૂમિ: સ્થાનિક ચૂંટણી દરમિયાન હિંસા

વર્ષ ૨૦૦૪ - ૨૦૦૫ દરમિયાન જ્યારે આઈપીએસ જી.એસ. મલિક ભરૂચ જિલ્લાના પોલીસ અધિક્ષક (SP) તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચ પંથકમાં ધારાસભ્ય છોટુ વસાવાનો ભારે ખોફ હતો. તે સમયે યોજાયેલી સ્થાનિક ચૂંટણી દરમિયાન ભારે ઉગ્ર વાતાવરણ સર્જાયું હતું. વસાવાના જૂથ દ્વારા સામા પક્ષ અને કાયદો-વ્યવસ્થા જાળવી રહેલી પોલીસ ટીમ પર ભારે પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને સરકારી મિલકતોને નુકસાન પહોંચાડાયું હતું.

પોલીસની કાયદેસરની ફરજમાં રુકાવટ, હિંસા, સરકારી કર્મચારી પર હુમલો અને રાયોટિંગ જેવી ગંભીર અને બિન-જામીનપાત્ર કલમો હેઠળ ભરૂચના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી અટકાયતી વોરંટ જારી કરવામાં આવ્યું હતું. વસાવા એ સમયે સતત ચોથી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હોવાથી તેમની ધરપકડ કરવી એ પોલીસ માટે લોઢાના ચણા ચાવવા જેવું કામ હતું.

## એસપી જી.એસ. મલિકનો 'સાયકોલોજીકલ માસ્ટર પ્લાન'

એસપી જી.એસ. મલિક જાણતા હતા કે જો તેઓ હથિયારધારી જવાનો, એસઆરપી (SRP) ની ટુકડીઓ અને સરકારી ગાડીઓનો કાફલો લઈને જશે, તો સામો પક્ષ તેને યુદ્ધ ગણીને સશસ્ત્ર પ્રતિકાર કરશે અને મોટો નરસંહાર થઈ શકે છે. તેથી તેમણે માઈન્ડ ગેમ રમી અને એક અત્યંત ગુપ્ત 'સાયકોલોજીકલ ઓપરેશન' પ્લાન કર્યું.

મલિકે આ ઓપરેશન માટે પોલીસના કોઈ મોટા કે જાણીતા પુરૂષ અધિકારીને મોકલવાને બદલે એક પ્રોબેઝનરી (નવા સવા) મહિલા પીએસઆઈ મિની જોસેફની પસંદગી કરી. આ




પાછળની રણનીતિ એ હતી કે એક મહિલા અધિકારીને જોઈને વસાવા અથવા તેમના સમર્થકો કોઈ મોટો સશસ્ત્ર પ્રતિકાર કે હિંસા ન કરે અને મામલો કાયદાકીય દાયરામાં જ રહે. આ યોજના વિશે પોલીસ વિભાગમાં પણ ખૂબ જ ઓછા લોકોને ખબર હતી, જેથી માહિતી લીક થવાનો કોઈ અવકાશ ન રહે.

## ગુપ્ત ઓપરેશન અને મિની જોસેફની અડગ નીડરતા

યોજના મુજબ, લેડી પીએસઆઈ મિની જોસેફ પોતાની ટીમ સાથે સામાન્ય ખાનગી વાહનોમાં, કોઈ જ સરકારી ભપકા કે સાયરન વગર સીધી જ છોટુ વસાવાના ચોક્કસ લોકેશન (ઝઘડિયા પંથક) તરફ રવાના થયા. પોલીસ ફોર્સ અચાનક જ છોટુ વસાવા જ્યાં હાજર હતા તે સ્થળે પહોંચી ગઈ. ધારાસભ્ય અને તેમના અંગરક્ષકો કંઈ સમજે તે પહેલાં જ મિની જોસેફે તેમની સામે કાનૂની પકડ મજબૂત કરી દીધી.

જ્યારે પોલીસ ટીમ છોટુ વસાવા સામે પહોંચી, ત્યારે તેમના કદાવર વ્યક્તિત્વ સામે નમવાને બદલે મિની જોસેફે અત્યંત મક્કમતા બતાવી. તેમણે સીધા જ વસાવાને કહી દીધું કે તેમની સામે ધરપકડનું વોરંટ છે અને તેમણે કાયદાને માન આપીને પોલીસ સાથે આવવું પડશે. એક યુવાન મહિલા પોલીસ અધિકારીની આ હિંમત અને કાયદાકીય કડક વલણ જોઈને છોટુ વસાવા પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

## ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) નું મજબૂત કવચ

આ ઓપરેશનમાં ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના ઈન્ચાર્જ પીઆઈ દિલીપ અગ્રાવત અને તેમની ટીમની ભૂમિકા ખૂબ જ મહત્વની અને ફિલ્ડ લેવલ પર ઓપરેશનને લીડ કરનારી હતી. લોકેશન ટ્રેકિંગ: દિલીપ અગ્રાવતે પોતાની ટીમનો ઉપયોગ કરીને કોઈને શંકા ન જાય તે રીતે વસાવાના લોકેશનની પળેપળની સચોટ બાતમી મેળવી એસપી મલિક સુધી પહોંચાડી હતી. બેકઅપ ફોર્સ: જ્યારે મિની જોસેફ આગળ હતા, ત્યારે તેમની બિલકુલ પાછળ સાદા કપડાંમાં એલસીબીના કડક અને અનુભવી જવાનો ગોઠવાયેલા હતા. જો વસાવાના સમર્થકો તરફથી કોઈ સશસ્ત્ર હુમલો થાય, તો મિની જોસેફને તાત્કાલિક સુરક્ષા આપવા માટે LCB સંપૂર્ણ હથિયારો સાથે સજ્જ હતી. ત્વરિત એક્ઝિટ: સ્થાનિક ટેકેદારો કે આદિવાસી સમુદાયના લોકોને આ ધરપકડની ખબર પડે અને તેઓ રસ્તાઓ પર ઉતરી આવીને ચક્કાજામ કરે, તે પહેલાં જ દિલીપ અગ્રાવતની ચપળતાથી પોલીસનો આ ગુપ્ત કાફલો પૂરપાટ ઝડપે વસાવાને ગાડીમાં બેસાડી ઝઘડિયાની સરહદ વટાવી ભરૂચ હેડક્વાર્ટર તરફ રવાના થઈ ગયો.

## કેસની કાયદાકીય મજબૂતી અને જેલવાસ

જ્યારે ભરૂચ હેડક્વાર્ટર પર સમાચાર પહોંચ્યા કે છોટુ વસાવાની ધરપકડ થઈ ચૂકી છે, ત્યારે આખા ગુજરાતના રાજકારણમાં ભૂકંપ આવી ગયો. વસાવાએ પોતાની પ્રતિષ્ઠા બચાવવા પોલીસ પર 'બદનક્ષીનો કેસ' કર્યો અને માનવ અધિકાર આયોગમાં પણ ગયા. પરંતુ, એસપી જી.એસ. મલિક અને દિલીપ અગ્રાવતે કાયદાકીય કાગળિયાં, પંચનામા અને પુરાવા એટલા મજબૂત રાખ્યા હતા કે, કોર્ટે વસાવાના જામીન નકાર્યા. પરિણામે, એ કદાવર નેતાને આશરે બે મહિના જેલમાં વિતાવવા પડ્યા હતા.

## "કાયદો બધા માટે સમાન છે" – જી.એસ. મલિક

જી.એસ. મલિકે આ ઓપરેશન વિશે હંમેશા જણાવ્યું છે કે, પોલીસ કોઈ રાજકીય વગ કે વ્યક્તિના કદાવર પ્રભાવથી ડરીને કામ ન કરી શકે. જો કોઈ વ્યક્તિ કાયદો હાથમાં લે છે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થવી જ જોઈએ, પછી ભલે તે ગમે તેટલો શક્તિશાળી ધારાસભ્ય કેમ ન હોય. આ આકરા પગલાંથી ગુનેગારોમાં કાયદાનો ડર ઊભો થયો હતો અને સ્થાનિક જનતામાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ ખૂબ વધ્યો હતો. ટૂંકમાં કહીએ તો, એસપી જી.એસ. મલિકનું માઈન્ડ (આયોજન), મિની જોસેફનો ચહેરો અને હિંમત, અને ભરૂચ એલસીબી (LCB) નું બેકબોન – આ ત્રિપુટીએ ગુજરાત પોલીસના ઈતિહાસમાં એક એવું 'ઝીરો કેઝ્યુઅલ્ટી' ઓપરેશન નોંધાવ્યું જે સાબિત કરે છે કે ખાખીનો પાવર માત્ર હથિયારો બતાવવામાં નથી, પરંતુ સચોટ આયોજન અને અડગ હિંમતમાં છે. આ સફળ ઓપરેશન આજે પણ ટ્રેનિંગ લેતા નવા પોલીસ અધિકારીઓ માટે શ્રેષ્ઠ કેસ સ્ટડી છે.

# નીટ પછી સીબીએસઇ: ભાવિ પેઢીની આપણને ચિંતા છે ખરી?

**દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટનું પેપર ફૂટી ગયું. તેના કારણે આખી પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડશે તેનો ડખો ચાલુ જ છે ત્યાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન સીબીએસઇના બારમા ધોરણની પરીક્ષાનાં પેપર તપાસવામાં થયેલું ભોપાળું બહાર આવ્યું છે. બોર્ડે આ વખતથી પેપર તપાસવા માટે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ અમલી બનાવી છે પણ તેમાં પહેલા ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થઇ ગયો છે. ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમમાં જાત જાતની ગરબડો થઇ તેમાં બારમા ધોરણનું આખું પરિણામ જ શંકાના દાયરામાં આવી ગયું છે. પહેલાં બોર્ડનાં પેપર તપાસવા હોય તો શિક્ષકોને ઉત્તરવહીનાં બંડલ મોકલાતાં હતાં.**

દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટનું પેપર ફૂટી ગયું. તેના કારણે આખી પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડશે તેનો ડખો ચાલુ જ છે ત્યાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેક્ધડરી એજ્યુકેશન સીબીએસઈના બારમા ધોરણની પરીક્ષાનાં પેપર તપાસવામાં થયેલું ભોપાળું બહાર આવ્યું છે. બોર્ડે આ વખતથી પેપર તપાસવા માટે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ અમલી બનાવી છે પણ તેમાં પહેલા ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થઈ ગયો છે. ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમમાં જાત જાતની ગરબડો થઈ તેમાં બારમા ધોરણનું આખું પરિણામ જ શંકાના દાયરામાં આવી ગયું છે. પહેલાં બોર્ડનાં પેપર તપાસવા હોય તો શિક્ષકોને ઉત્તરવહીનાં બંડલ મોકલાતાં હતાં. બોર્ડને તુક્કો સૂઝયો એટલે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ શરૂ કરાવ્યું તેમાં ઉત્તરવહીઓને સ્કેન કરીને શિક્ષકોને મોકલાય છે. શિક્ષકો ઓનલાઈન ચકાસણી કરે ને માર્ક મૂકે. સ્કેન કરાયેલી ઉત્તરવહીઓ મોકલાઈ તેમાંથી હજારો ઝાંખી હતી કેમ કે યોગ્ય રીતે સ્કેન નહોતી કરાઈ. ઘણી ઉત્તરવહીઓમાં લખાણ કપાતું હતું કેમ કે સરખી રીતે ક્રોપ નહોતી કરાઈ. વિદ્યાર્થીઓએ આન્સર શીટ (ઉત્તરવહી) ની ફોટોકોપીમાંથી કેટલાક પાનાં ગાયબ હોવાની ફરિયાદ પણ કરી છે. સ્કેન કરેલી ઉત્તરવહી વિદ્યાર્થીના નંબરને બદલે ભળતા જ નંબરો સાથે જોડાઈ ગયેલી તેથી વિદ્યાર્થીએ પોતે લખેલી ઉત્તરવહીના બદલે બીજા કોઈની ઉત્તરવહીના આધારે માર્ક આપી દેવાયા હોય એવા હજારો કિસ્સા બન્યા. વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી પોતાની ઉત્તરવહી જોઈ શકે છે. હજારો વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, પોતાના પરિણામ સાથે જોડાયેલી ઉત્તરવહીમાં પોતાના અક્ષરો જ નથી ને પોતે આપેલા જવાબો પણ નથી. આ ભવાડા બહાર આવ્યા તેમાં સીબીએસઈની ઈજ્જતનો કચરો થઈ ગયો.

આ બેઈજ્જતી ઓછી હોય તેમ સીબીએસઈએ રીવેલ્યુએશન એટલે કે પુનર્મૂલ્યાંકન માટેનું પોર્ટલ ચાર દાડા સુધી ખૂલ્યું જ નહીં. સીબીએસઈએ પહેલાં જાહેરાત કરેલી કે, 29 મેના દિવસે પોર્ટલ ખૂલશે તેથી વિદ્યાર્થીઓ ફરી ભરીને તૈયારી કરીને બેઠેલા પણ સીબીએસઈએ ગ્રહણ ટાણે જ સાપ કાઢીને જાહેર કર્યું કે, ટેકનિકલ સમસ્યાના કારણે હવે 1 જૂને પોર્ટલ ખૂલશે.1 જૂને લાખો વિદ્યાર્થીઓ આખો દિવસ મથામણ કરીને થાકી ગયા પણ પોર્ટલ ના ખૂલ્યું તે ના જ ખૂલ્યું. 2 જૂન ને મંગળવારે પણ આ રેઢિયાળપણું ચાલુ રહ્યું. સવારથી મથતા હોવા છતાં મોટા ભાગના વિદ્યાર્થી તો લોગ-ઈન જ ના કરી શક્યા. કેટલાક નસીબના બળિયા લોગ-ઈન કરી શક્યા તો એ પછી તેમનાં નસીબ ફૂટી ગયાં કેમ કે ફ્રોઝન સ્ક્રીનની સમસ્યા આવી ગઈ. લગભગ ચાર લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેથી આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાંચ દિવસ પછી પણ અધ્ધર જીવે છે. ક્યારે પોર્ટલ સરળતાથી કામ કરતું થશે એ તેમને ખબર નથી. માનો કે કામ કરતું થાય તો પણ સરખી રીતે ચાલશે કે નહીં એ નક્કી નથી ને અંતે જે પણ પરિણામ આવશે એ ખરેખર સાચું હશે કે પરિણામની જેમ તેમાં પણ ઝોલમઝોલ હશે એ નક્કી નથી તેથી આ ચાર લાખ પરિવારોની સમસ્યાઓનો ક્યારે અંત આવશે એ ખબર નથી.

આ રામકથાની વચ્ચે એવી વાત બહાર આવી છે કે, સીબીએસઈના પુન:મૂલ્યાંકન (રી-ઈવેલ્યુએશન) પોર્ટલની પેમેન્ટ સિસ્ટમ પર 'સાઈબર એટેક' થયો હતો અને 50 વિદ્યાર્થીઓએ પોર્ટલ હેક કરી લીધું હતું. તેના કારણે સીબીએસઈ (સીબીએસઇ) પોર્ટલ પર આન્સરશીટની ફોટોકોપી મેળવવા માટેની અરજી ફી અલગ-અલગ દેખાવા લાગી હતી. સીબીએસઈએ ફી 700 રૂપિયાથી ઘટાડીને 100 રૂપિયા કરી નાખેલી તેથી બધે સરખી ફી દેખૌવી જોઈએ પણ ક્યાંક ફી એક રૂપિયો દેખાતી હતી તો ક્યાંક 68,0000 રૂપિયા દેખાતી હતી. ફીમાં પાછો વધારો ઘટાડો પણ થયા કરતો હતો. આ બધાથી અલિપ્ત આપણી કેન્દ્ર સરકાર કશું ના બન્યું હોય એમ વર્તવામાં વ્યસ્ત છે. ઓન-સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ) સિસ્ટમનો કોન્ટ્રાક્ટ હૈદરાબાદની ખાનગી આઈટી કંપની કોએમ્પ્ટ એજ્યુટેકને અપાયો છે. કેન્દ્ર સરકારે ગરબડ મુદ્દે સરકારી રાહે રિપોર્ટ માગ્યો છે પણ કંપની સામે હજુ લગી તો કોઈ પગલાં લીધાં નથી કે આટલા મોટા પાયે ગોબાચારી છતાં કોઈ દંડ પણ ફટકાર્યો નથી.

પરિણામમાં ગરબડની ફરિયાદ આવી ત્યારે પહેલાં તો કંપનીએ કશું ના બન્યું હોય એમ એકલદોકલ કિસ્સામાં આવું બન્યું છે એવું કહીને હાથ ખંખેરી નાખેલા. સીબીએસઈએ પોતે પાછળથી સત્તાવાર રીતે કહ્યું કે, લગભગ 68 હજાર ઉત્તરવહીઓમાં લોચા છે. આ ઉત્તરવહીઓના સ્કેનિંગ અને ક્રોપ કરવામાં થયેલી ગરબડોના કારણે તેમનાં બંડલ મોકલીને ફરી તેમનાં પેપર તપાસીને નવેસરથી માર્ક મૂકવા પડ્યા છે. આ નવેસરથી પેપર તપાસવાની પ્રક્રિયા કેટલી સાચી હશે એ પણ ખબર નથી. આ તો સીબીએસઈનો પોતાનો સત્તાવાર જવાબ છે ને ખરેખર તો તેના આધારે ભવાડો કરનારી કંપનીને સૌથી પહેલાં તો બ્લેક લિસ્ટ કરી દેવી જોઈએ. કંપનીના કારભારીઓ સામે હજારો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરવા બદલ ફોજદારી કેસ કરીને તેમને અંદર નાખવા જોઈએ. આ કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો ત્યારે આટલી મોટી પરીક્ષા લેવાની તેનામાં ક્ષમતા છે કે નહીં તેની ચકાસણી કરાયેલી કે નહીં તેની તપાસ થવી જોઈએ, કોન્ટ્રાક્ટ આપવામાં ગોબાચારી થઈ છે કે નહીં તેની તપાસ કરવાની હોય ત્યારે કેન્દ્ર સરકાર હજુ રિપોર્ટ રિપોર્ટ રમ્યા કરે છે. આ વલણ ખરેખર આઘાતજનક કહેવાય. સીબીએસઈના ઓએસએમ અને રીવેલ્યુએશનના ભવાડાએ બે વાત સાબિત કરી છે. પહેલી વાત એ કે, આપણે ડિજિટલ ઈન્ડિયાની મોટી મોટી વાતો કરીએ છીએ પણ હજુય આપણે પછાત દેશ છીએ. આપણે પછાત ના હોઈએ તો એક પરીક્ષા માટેની ફુલપ્રૂફ સિસ્ટમ કેમ ઊભી કરી શકતા નથી ? આ બધા ભવાડા કેમ થાય છે? કેમ કે ડિજિટલ ઈન્ડિયાના નામે મળતિયાઓને મોટા મોટા કોન્ટ્રાક્ટ આપીને ઘર ભરવાનો ખેલ થાય છે. વાસ્તવિક રીતે ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ થઈ રહ્યું નથી ને તેમાં દેશની આબરૂના પણ ભડાકા થઈ ગયા છે. વિદેશી મોડલો પર બનેલી પેમેન્ટ એપ્સ ચાલે એટલે ડિજિટલ ઈન્ડિયા ના કહેવાય. બીજી વાત એ કે, આ દેશમાં મહેનત કરીને તૂટી જતા વિદ્યાર્થીઓની મહેનતની કોઈ કદર નથી. લાખો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરનારા અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરોને ખરેખર તો આરબ દેશોના ન્યાયની જેમ જાહેરમાં ચાબૂકથી સટાકા મારવા જોઈએ પણ તેમને કશું થતું નથી. કોઈ પણ પરીક્ષા આપો પણ તેનાં પરિણામો શંકાથી પર હોતાં નથી તેથી મહેનત કરનારો આપણો દીકરો કે દીકરી સતત ટેન્શનમાં જીવ્યા કરે છે ને આપણે પણ ટેન્શનમાં જીવ્યા કરીએ છીએ. બીજી તરફ દેશનું ભાવિ મનાતા વિદ્યાર્થીઓની જિંદગી સાથે ક્રૂર રમત રમનારા જલસા કરે છે. આ કેવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે?

દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટનું પેપર ફૂટી ગયું. તેના કારણે આખી પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડશે તેનો ડખો ચાલુ જ છે ત્યાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેક્ધડરી એજ્યુકેશન સીબીએસઈના બારમા ધોરણની પરીક્ષાનાં પેપર તપાસવામાં થયેલું ભોપાળું બહાર આવ્યું છે. બોર્ડે આ વખતથી પેપર તપાસવા માટે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ અમલી બનાવી છે પણ તેમાં પહેલા ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થઈ ગયો છે. ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમમાં જાત જાતની ગરબડો થઈ તેમાં બારમા ધોરણનું આખું પરિણામ જ શંકાના દાયરામાં આવી ગયું છે. પહેલાં બોર્ડનાં પેપર તપાસવા હોય તો શિક્ષકોને ઉત્તરવહીનાં બંડલ મોકલાતાં હતાં. બોર્ડને તુક્કો સૂઝયો એટલે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ શરૂ કરાવ્યું તેમાં ઉત્તરવહીઓને સ્કેન કરીને શિક્ષકોને મોકલાય છે. શિક્ષકો ઓનલાઈન ચકાસણી કરે ને માર્ક મૂકે. સ્કેન કરાયેલી ઉત્તરવહીઓ મોકલાઈ તેમાંથી હજારો ઝાંખી હતી કેમ કે યોગ્ય રીતે સ્કેન નહોતી કરાઈ. ઘણી ઉત્તરવહીઓમાં લખાણ કપાતું હતું કેમ કે સરખી રીતે ક્રોપ નહોતી કરાઈ. વિદ્યાર્થીઓએ આન્સર શીટ (ઉત્તરવહી) ની ફોટોકોપીમાંથી કેટલાક પાનાં ગાયબ હોવાની ફરિયાદ પણ કરી છે. સ્કેન કરેલી ઉત્તરવહી વિદ્યાર્થીના નંબરને બદલે ભળતા જ નંબરો સાથે જોડાઈ ગયેલી તેથી વિદ્યાર્થીએ પોતે લખેલી ઉત્તરવહીના બદલે બીજા કોઈની ઉત્તરવહીના આધારે માર્ક આપી દેવાયા હોય એવા હજારો કિસ્સા બન્યા. વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી પોતાની ઉત્તરવહી જોઈ શકે છે. હજારો વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, પોતાના પરિણામ સાથે જોડાયેલી ઉત્તરવહીમાં પોતાના અક્ષરો જ નથી ને પોતે આપેલા જવાબો પણ નથી. આ ભવાડા બહાર આવ્યા તેમાં સીબીએસઈની ઈજ્જતનો કચરો થઈ ગયો. આ બેઈજ્જતી ઓછી હોય તેમ સીબીએસઈએ રીવેલ્યુએશન એટલે કે પુનર્મૂલ્યાંકન માટેનું પોર્ટલ ચાર દાડા સુધી ખૂલ્યું જ નહીં. સીબીએસઈએ પહેલાં જાહેરાત કરેલી કે, 29 મેના દિવસે પોર્ટલ ખૂલશે તેથી વિદ્યાર્થીઓ ફરી ભરીને તૈયારી કરીને બેઠેલા પણ સીબીએસઈએ ગ્રહણ ટાણે જ સાપ કાઢીને જાહેર કર્યું કે, ટેકનિકલ સમસ્યાના કારણે હવે 1 જૂને પોર્ટલ ખૂલશે.1 જૂને લાખો વિદ્યાર્થીઓ આખો દિવસ મથામણ કરીને થાકી ગયા પણ પોર્ટલ ના ખૂલ્યું તે ના જ ખૂલ્યું. 2 જૂન ને મંગળવારે પણ આ રેઢિયાળપણું ચાલુ રહ્યું. સવારથી મથતા હોવા છતાં મોટા ભાગના વિદ્યાર્થી તો લોગ-ઈન જ ના કરી શક્યા. કેટલાક નસીબના બળિયા લોગ-ઈન કરી શક્યા તો એ પછી તેમનાં નસીબ ફૂટી ગયાં કેમ કે ફ્રોઝન સ્ક્રીનની સમસ્યા આવી ગઈ. લગભગ ચાર લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેથી આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાંચ દિવસ પછી પણ અધ્ધર જીવે છે. ક્યારે પોર્ટલ સરળતાથી કામ કરતું થશે એ તેમને ખબર નથી. માનો કે કામ કરતું થાય તો પણ સરખી રીતે ચાલશે કે નહીં એ નક્કી નથી ને અંતે જે પણ પરિણામ આવશે એ ખરેખર સાચું હશે કે પરિણામની જેમ તેમાં પણ ઝોલમઝોલ હશે એ નક્કી નથી તેથી આ ચાર લાખ પરિવારોની સમસ્યાઓનો ક્યારે અંત આવશે એ ખબર નથી. આ રામકથાની વચ્ચે એવી વાત બહાર આવી છે કે, સીબીએસઈના પુન:મૂલ્યાંકન (રી-ઈવેલ્યુએશન) પોર્ટલની પેમેન્ટ સિસ્ટમ પર 'સાઈબર એટેક' થયો હતો અને 50 વિદ્યાર્થીઓએ પોર્ટલ હેક કરી લીધું હતું. તેના કારણે સીબીએસઈ (સીબીએસઇ) પોર્ટલ પર આન્સરશીટની ફોટોકોપી મેળવવા માટેની અરજી ફી અલગ-અલગ દેખાવા લાગી હતી. સીબીએસઈએ ફી 700 રૂપિયાથી ઘટાડીને 100 રૂપિયા કરી નાખેલી તેથી બધે સરખી ફી દેખૌવી જોઈએ પણ ક્યાંક ફી એક રૂપિયો દેખાતી હતી તો ક્યાંક 68,0000 રૂપિયા દેખાતી હતી. ફીમાં પાછો વધારો ઘટાડો પણ થયા કરતો હતો.

# ઉનાળામાં ત્વચા કાળી પડી ગઇ છે?:ડૉક્ટર પાસેથી જાણો ટેનિંગથી બચવા માટેની ટિપ્સ

ઉનાળામાં સ્કિન ટેનિંગ (ત્વચા શ્યામ થવી) એક સામાન્ય સમસ્યા છે. વધુ સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાથી UV (અલ્ટ્રાવાયોલેટ) કિરણોથી ત્વચા ટેન થઈ શકે છે. સામાન્ય દેખાતી ટેનિંગ ઘણીવાર મેલાનોમા જેવા ત્વચાના કેન્સરનું જોખમ વધારી શકે છે. 'વિશ્વ આરોગ્ય સંસ્થા' (WHO) અનુસાર, વિશ્વભરમાં મેલાનોમા (ત્વચાના કેન્સર)ના લગભગ 3.32 લાખ કેસોમાંથી લગભગ 83% UV રેડિયેશનને કારણે થાય છે. એટલે કે દર 10 માંથી 8 થી વધુ કેસ સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવા અને ટેનિંગ સાથે સંકળાયેલા છે. ટેનિંગ ત્વચાની એક કુદરતી સંરક્ષણ પદ્ધતિ છે. આ સૂર્યના UV કિરણોના સંપર્કમાં આવવાથી થાય છે. જ્યારે ત્વચા પર UV કિરણો પડે છે, ત્યારે શરીર મેલાનિન નામક પિગમેન્ટનું ઉત્પાદન વધારી દે છે. આ જ મેલાનિન ત્વચાને ડાર્ક (શ્યામ) બનાવી દે છે. આને ટેનિંગ કહે છે.

ઉનાળામાં સૂર્યપ્રકાશમાં UV કિરણોની તીવ્રતા વધી જાય છે. આનાથી ટેનિંગનું જોખમ વધી જાય છે. આ ત્વચાને ઝડપથી ટેન કરે છે. પરસેવા અને હળવા કપડાંને કારણે ત્વચા વધુ ખુલ્લી રહે છે. ટેનિંગ UV-B કિરણોને કારણે થાય છે. આ ત્વચાને નુકસાન પહોંચાડે છે અને તેમની હાજરીમાં શરીર બચાવ માટે વધુ મેલાનિન બનાવે છે. જોકે, UV-A ના સંપર્કમાં આવવાથી પણ ટેનિંગ થઈ શકે છે. આના કારણે ત્વચામાં પહેલાથી હાજર મેલાનિન ઘેરું થઈ જાય છે. તેને 'ઈમિડિએટ ટેનિંગ' કહેવાય છે. બંને વચ્ચેનો તફાવત સમજીએ- UV-A કિરણો: ત્વચાના ઊંડાણ (ડર્મિસ લેયર) સુધી પહોંચે છે. ધીમે ધીમે અસર કરે છે, પરંતુ લાંબા ગાળે ત્વચાનું વૃદ્ધત્વ (કરચલીઓ, ઢીલાપણું)નું કારણ બને છે. આ દરેક ઋતુમાં એકસરખા રહે છે. ત્વચાના ઉપરના સ્તર (એપિડર્મિસ) પર અસર કરે છે. ઝડપી અને તાત્કાલિક અસર દર્શાવે છે. સનબર્ન (ત્વચા બળવી) અને લાલાશનું મુખ્ય કારણ છે. ઉનાળામાં તેમની તીવ્રતા વધુ હોય છે. આ ત્વચા, વાળ અને આંખોનો રંગ નક્કી કરનારું એક કુદરતી પિગમેન્ટ છે. તે ત્વચાના કોષો (મેલાનોસાઈટ્સ) માં બને છે. તે ટેનિંગને કેવી રીતે વધારે છે? જ્યારે ત્વચા પર UV કિરણો પડે છે, ત્યારે ત્વચા તેને જોખમ તરીકે નોંધે છે. તેનાથી બચવા માટે શરીર વધુ મેલાનિન બનાવવા લાગે છે. આ મેલાનિન ત્વચાના ઉપરના સ્તરમાં જમા થઈને UV કિરણોને શોષી લે છે. આ જ કારણથી ત્વચાનો રંગ ઘેરો (ડાર્ક) થઈ જાય છે. UV કિરણો ત્વચાના કોલેજન અને ઈલાસ્ટિનને તોડે છે. જેનાથી કરચલીઓ અને ઢીલાપણું આવે છે. તે ત્વચાના કોષોને નુકસાન પહોંચાડે છે અને વૃદ્ધત્વ પ્રક્રિયાને ઝડપી બનાવે છે. વારંવાર ટેનિંગથી ડાર્ક સ્પોટ્સ અને અનઈવન સ્કિન ટોન (ક્યાંક ડાર્ક, ક્યાંક નોર્મલ) થઈ શકે છે.

# વિજયનગરમાં કોંગ્રેસની પ્રચંડ 'જન આક્રોશ રેલી' : મોંઘવારી અને NEET પેપર લીક મુદ્દે સરકાર સામે બ્યૂગલ ફૂંકાયું

## પેપર લીક જેવી ઘટનાઓ દેશના લાખો નિર્દોષ વિધાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ગંભીર અને અક્ષમ્ય ચેડાં છે



ઈડર, જાકીર મેમણ

દેશમાં વધતી જતી અસહ્ય મોંઘવારી, બેરોજગારી અને તાજેતરમાં સામે આવેલા NEET પરીક્ષાના પેપર લીક કૌભાંડ વિરુદ્ધ આજે સાબરકાંઠાના વિજયનગરમાં જન આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો હતો. વિજયનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે એક વિશાળ 'જન આક્રોશ રેલી' નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકો અને કાર્યકરો જોડાયા હતા.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકીની સીધી આગેવાની હેઠળ યોજાયેલી આ રેલીમાં સરકારની નીતિઓ સામે ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. પેટ્રોલ-ડીઝલના આસમાને પહોંચેલા ભાવવધારાનો અનોખો વિરોધ કરવા માટે કાર્યકરોએ એક મોટરસાયકલને લારીમાં મૂકીને પ્રતીકાત્મક પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસ નેતાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પેપર લીક જેવી ઘટનાઓ દેશના લાખો નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ગંભીર અને અક્ષમ્ય ચેડાં છે. આ જન આક્રોશ રેલી વિજયનગરના છતરિયા ત્રણ રસ્તા ખાતેથી દેશભક્તિના ગીતો અને સરકાર વિરોધી પ્રચંડ નારાઓ સાથે શરૂ થઈ હતી. મેઈન બજારમાં થઈને જ્યારે આ રેલી કોર્ટ આગળ પહોંચી, ત્યારે તે એક વિશાળ જાહેરસભામાં પરિવર્તિત થઈ ગઈ હતી.

આ રેલીમાં વિજયનગર તાલુકા તેમજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના તમામ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સક્રિય કાર્યકર્તાઓ અને સ્થાનિક પ્રજાજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વહીવટી તંત્ર મારફતે સરકાર સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

પર્યાવરણનું સંરક્ષણ અને સર્જન કૃષ્ણ ભક્તિ છે

# રાજકોટના ધોરાજીમાં પર્યાવરણવિદ્ તખુભાઈ સાંડસુરનું પ્રેરક ઉદબોધન




ધોરાજી

રાજકોટ જિલ્લાના ધોરાજી શહેરમાં નગરપાલિકા અને યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા ધોરાજી શાખાના સંયુક્ત ઉપક્રમે પાંચમી જૂને પર્યાવરણ દિવસની ઉજવણી એક પરિસંવાદના આયોજન દ્વારા કરવામાં આવી. આ પરિસંવાદના મુખ્ય વક્તા તરીકે પર્યાવરણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુર ઉપસ્થિત રહ્યા હતા. યુથ હોસ્ટેલ એસોસિએશનના રાજ્ય અગ્રણી શ્રી વિનુભાઈ ઉકાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં પર્યાવરણના મહત્વને સ્થાપિત કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની કામગીરીમાં જોડાયેલાં બી.આર ઝાલાએ કોરિયાનું ઉદાહરણ આપીને ત્યાંના વન ક્ષેત્રોના વિકાસની ગાથા રજુ કરી હતી. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત શ્રી તખુભાઈ સાંડસુરે જણાવ્યું હતું કે પર્યાવરણની પ્રવૃત્તિઓ બે આધાર સ્તંભો સાથે આગળ વધતી રહી છે, એક સંવર્ધન અને બીજું સર્જન. આપણે ત્યાં સર્જન ઉપર જે ભાર મુકાય છે તેટલો સંવર્ધન ઉપર નથી! વિકાસની એક મર્યાદાને સ્વીકારીને પર્યાવરણને બચાવવા તરફ ગંભીરતા કેળવવી પડશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પર્યાવરણ જળ, જમીન, જંગલ વગેરે સાથે જોડાયેલા પ્રકૃતિ દેવતા છે.તેથી પર્યાવરણની પ્રવૃત્તિ સાથે જોડાયેલા સૌ કોઈ કૃષ્ણ ભક્ત છે અને તે પ્રવૃત્તિ કૃષ્ણ ભક્તિ છે. કાર્યક્રમનું સંચાલન શ્રી ત્રિવેદીભાઈએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગીય વન અધિકારી સુશ્રી પંડ્યા, નગરપાલિકાના પ્રમુખ શ્રી પાયલબેન ધોળકિયા શ્રી જયંતીભાઈ કાવાણી અને નગરપાલિકાના ચેરમેન શ્રી આંટાળા વગેરે મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# અંકલેશ્વરની કંપનીમાં ગેસની અસરથી કામદારનું મોત

## પાનોલી GIDCની નેશનલ બાયોસેફમાં 3 જૂને બેભાન થયો હતો, સારવાર દરમિયાન 8મીએ દમ તોડ્યો

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી નેશનલ બાયોસેફ કંપનીમાં ઝેરી ગેસની અસરથી એક કામદારનું મોત થયું છે. 33 વર્ષીય યુવાન કર્મચારીનું સારવાર દરમિયાન નિધન થતાં ચકચાર મચી ગઈ છે.




ઉત્તર પ્રદેશના વતની અને હાલ અંકલેશ્વરના કાપોદ્રાની પ્રતિષ્ઠા સોસાયટીમાં રહેતા મોહમ્મદ નઈમ કુરેશી (ઉંમર 33) નેશનલ બાયોસેફ કંપનીમાં ફરજ બજાવતા હતા. 2 જૂનના રોજ કંપનીમાં કામ કરતી વખતે તેમને અચાનક ગેસની અસર થઈ હતી.

ગેસની અસર થતાં તેઓ ઘરે પરત ફર્યા હતા અને પ્રાથમિક સારવાર લીધી હતી. જોકે, 3 જૂનના રોજ તેમને વધુ ચક્કર આવવાની ફરિયાદ થતાં ખરોડની વેલકેર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

યુવાન પુત્રના આકસ્મિક મોતના પગલે પરિવારમાં શોક વ્યાપી ગયો છે. સ્થાનિકો અને પરિવારજનો દ્વારા આ દુર્ઘટના અંગે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધારાસભ્ય સી.કે. રાઉલના પ્રયાસો સફળ

# ગોધરાના પરવડી ખાતે નવીન 66 કે.વી. સબ સ્ટેશન બનશે : ખેડૂતો અને વેપારીઓને થશે ફાયદો

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા વિધાનસભા વિસ્તારમાં નાગરિકોને ગુણવત્તાયુક્ત અને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા તેમજ લો-વોલ્ટેજની સમસ્યાના કાયમી નિવારણ માટે ધારાસભ્ય સી.કે. રાઉલજીના પ્રયાસો સફળ રહ્યા છે. ગોધરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધતી વસ્તી અને ઉદ્યોગોના કારણે વધતા વીજ-લોડને પહોંચી વળવા માટે તેમણે રાજ્યના ઉર્જા મંત્રી અને ગેટકો (GETCO) સમક્ષ રજૂઆત કરીને નવા સબ સ્ટેશનો મંજૂર કરાવ્યા હતા.

આ આયોજન હેઠળ ગોધરા તાલુકાના પરવડી ખાતે નવીન ૬૬ કે.વી. સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યું હતું. જમીન ફાળવણીની પ્રક્રિયા બાકી હોવાના કારણે આ કામગીરી અટકેલી હતી, પરંતુ હવે ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ ગેટકો અને પરવડી ગ્રામ પંચાયત વચ્ચેના સંકલનથી જમીનની મંજૂરીનો માર્ગ મોકળો બન્યો છે. આ સબ સ્ટેશન કાર્યરત થવાથી સ્થાનિક રહીશોને વીજ વિક્ષેપની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે.

ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજીના સીધા માર્ગદર્શન હેઠળ જેટકો (GETCO) ના અધિકારીઓ અને પરવડી ગ્રામ પંચાયત વચ્ચે યોજાયેલી સકારાત્મક બેઠકમાં જમીનની ગૂંચવણનો સત્વરે ઉકેલ લવાયો છે. જનહિતના આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની ગંભીરતાને ધ્યાને રાખીને પરવડી ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

આ ઠરાવ મુજબ પરવડી ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશનના નિર્માણ માટે ગામતળની સર્વે નંબર ૧૨૦ ની જમીનમાંથી જરૂરિયાત મુજબની જમીન વીજ કંપનીને આપવા સામે પંચાયતને કોઈ વાંધો નથી. પંચાયતનો વિધિવત ઠરાવ મળતાં જ વીજ કંપનીએ પંચમહાલ કલેક્ટરને જમીન ફાળવણી માટે વિનંતી પત્ર પાઠવ્યો છે. કલેક્ટરની મંજૂરી મળતાં જ સબ સ્ટેશનનું બાંધકામ ઝડપથી શરૂ કરાશે, જેનાથી સ્થાનિક ખેડૂતો, વેપારીઓ અને રહીશોને હાઈ-વોલ્ટેજ અને સાતત્યપૂર્ણ વીજળીનો લાભ મળશે.

# ગોધરામાં જ્વાલા યુવા સંગઠનનો ભવ્ય કાર્યક્રમ : ભાટિયા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરાના અમદાવાદ રોડ પર આવેલા ભુરાવાવ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે 'જ્વાલા યુવા સંગઠન ઈન્ટરનેશનલ ગ્રુપ' દ્વારા ભાટિયા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. મા ભગવતી જ્વાલામુખીના આશીર્વાદ સાથે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓને બિરદાવી ભવિષ્યની પ્રગતિ માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આ ગરિમામય પ્રસંગે પંચમહાલ જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ, APMC પ્રમુખ માલવદીપસિંહ રાઉલજી, પાલિકા પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ, ઉપપ્રમુખ ઈશાંતભાઈ સોની, કારોબારી અધ્યક્ષ ડૉ. આનંદકુમાર ઘડિયાળી, મહિલા મોરચાના અધ્યક્ષ ભક્તિબેન સોની તેમજ લોકગાયક બહાદુરભાઈ ગઢવી સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું અને



તેઓ શિક્ષણ સાથે સંસ્કાર મેળવી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# આમોદમાં મુસ્લિમ સમાજે મામલતદારને આવેદનપત્ર આપ્યું : ગાયને 'રાષ્ટ્રીય પશુ' જાહેર કરવાની માંગ કરી

## ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કરોડો લોકોની આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિક લાગણીઓનું પ્રતિક છે

ભરૂચ, રંગુની જાકીર

આમોદ તાલુકાના મુસ્લિમ સમાજ દ્વારા ગાયને 'રાષ્ટ્રીય પશુ' જાહેર કરવાની માંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આમોદ શહેર અને તાલુકાના મુસ્લિમ સમાજના આગેવાનોએ રેલી સ્વરૂપે મામલતદાર કચેરી પહોંચી નાયબ મામલતદાર એ. એસ. સૈયદને આવેદનપત્ર સુપરત કર્યું હતું, કારણ કે મામલતદાર હાજર નહોતા.

આ રજૂઆતમાં જણાવાયું છે કે ભારત તેની વિવિધ સંસ્કૃતિઓ, પરંપરાઓ અને સહઅસ્તિત્વની ભાવના માટે વિશ્વભરમાં જાણીતું છે. ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ



સમાજમાં ગાયને માતા સમાન પૂજનીય સ્થાન પ્રાપ્ત છે. ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કરોડો લોકોની આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિક લાગણીઓનું પ્રતિક છે.

આવેદનપત્રમાં વધુમાં ઉલ્લેખ કરાયો છે કે ભારતની કૃષિ વ્યવસ્થા, ગ્રામ્ય અર્થતંત્ર અને પરંપરાગત જીવનશૈલીમાં ગાયનું ઐતિહાસિક અને વૈજ્ઞાનિક મહત્વ છે. દેશના મહાન સંતો, મહાપુરુષો અને રાષ્ટ્રનાયકોએ પણ ગૌસંરક્ષણ અને ગૌસેવાના મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું છે.

મુસ્લિમ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાથી દેશની સામાજિક સમરસતા, કોમી સૌહાર્દ અને પરસ્પર વિશ્વાસ વધુ મજબૂત બનશે. આ નિર્ણયથી કરોડો નાગરિકોની લાગણીઓને સન્માન મળશે. સમાજના આગેવાનોએ આશા વ્યક્ત કરી છે કે કેન્દ્ર સરકાર આ રજૂઆતને ગંભીરતાથી ધ્યાનમાં લેશે. ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા અંગે યોગ્ય નિર્ણય લેવાશે, જે દેશની સાંસ્કૃતિક ધરોહર અને રાષ્ટ્રીય એકતાને વધુ બળ આપશે.

# આંકલાવ ના અંબાવ પાસે ST બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત : 15 થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાવ નજીક આજે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બેફામ



ગતિએ આવી રહેલા ટેન્કરે એસટી બસને પાછળથી જોરદાર ટક્કર મારતા બસમાં સવાર 15થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વધુ સારવાર ની જરૂર પડતા દર્દીઓને વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતાં આંકલાવ મામલતદાર ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે પહોંચી ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી. પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચ જુમ્મા મસ્જિદમાં વધારાનું બાંધકામ દૂર કરાયું : પુરાતત્વ વિભાગની મંજૂરી વિનાના નિર્માણ પર કાર્યવાહી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરની ઐતિહાસિક અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાતી જુમ્મા મસ્જિદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. લગભગ 6 મહિનાથી ચાલી રહેલા વિવાદ વચ્ચે સોમવારે સવારથી પુરાતત્વ વિભાગની મંજૂરી વિના કરવામાં આવેલા વધારાના બાંધકામને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન મસ્જિદના પાછળના ભાગે આવેલા એક દરવાજાને પણ સીલ કરવામાં આવ્યો હતો. જુમ્મા મસ્જિદને લઈને છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. કેટલાક સંગઠનો દ્વારા મસ્જિદનું સ્થળ પ્રાચીન જૈન સ્મારક અથવા જૈન સમરી વિહાર અને ચક્રધર સ્વામીનું જન્મ સ્થળ હોવાનો દાવો કરવામાં આવતા મામલો ચર્ચામાં રહ્યો હતો. આ મુદ્દે વિવિધ સ્તરે રજૂઆતો, વિરોધ અને આંદોલનો પણ થયા હતા. આ દરમિયાન પુરાતત્વીય મહત્વ ધરાવતા સ્મારક વિસ્તારમાં જરૂરી મંજૂરી લીધા વગર વધારાનું બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદો સામે આવી હતી. તપાસ બાદ નિયમો અનુસાર વધારાના બનાવવામાં આવેલા વજુ ખાનાના બાંધકામને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ભરૂચ બી ડિવિઝન પોલીસ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર તૈનાત કરવામાં આવ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અધિકારીઓ અને કર્મચારીઓએ વધારાના બાંધકામને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. સ્થાનિકોમાં આ કાર્યવાહી અંગે ભારે ચર્ચા ચાલી રહી છે. ઐતિહાસિક સ્મારકોના સંરક્ષણ અને કાયદાકીય જોગવાઈઓના પાલનને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જોકે, સમગ્ર મામલે સંબંધિત વિભાગો તરફથી સત્તાવાર નિવેદન બાદ વધુ વિગતો સ્પષ્ટ થવાની શક્યતા છે. આ અંગે આંદોલન કરનારા શંકરાચાર્ય મઠના વ્યવસ્થાપક મુક્તાનંદ સ્વામીએ જણાવ્યું હતું કે, ઐતિહાસિક જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામી જન્મસ્થળી જેવા રાષ્ટ્રીય ધરોહરના સંરક્ષણ માટે 'રાષ્ટ્રીય ધરોહર સંરક્ષણ સમિતિ' છેલ્લા અઢી વર્ષથી સતત પ્રયત્નશીલ છે. કલેક્ટરને આવેદનપત્ર આપવાથી માંડીને ઉપવાસ જેવા કાર્યક્રમો પણ કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે પુરાતત્વ વિભાગના નીતિ-નિયમો મુજબ આ ધરોહરનું યોગ્ય સંચાલન અને સુરક્ષા થાય. આ સ્થળ સરકારી દેખરેખ હેઠળ હોવા છતાં પણ નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું છે. વધુમાં જણાવ્યું કે, તાજેતરમાં જ કલેક્ટર અને ASI (ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ)ના અધિકારીઓ સાથે થયેલી બેઠક બાદ કેટલાક સકારાત્મક કાર્યોની શરૂઆત થઈ છે, જે આવકારદાયક છે.

# ગરાડુ નજીક ક્રેટા અને રિક્ષા વચ્ચે ભયાનક અકસ્માત : મહિલાનું મોત

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામના નિસરતા ફળિયામાં રહેતા પંકજભાઈ લાલસિંહભાઈ કટારાની માતા સબુરીબેન (ઉ.વ. 45) ઝાલોદ બજારમાં ઘરવખરીનો સામાન લેવા ગયા હતા. બજારમાંથી ખરીદી પૂર્ણ કરીને તેઓ રિક્ષામાં બેસી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા.

મળતી માહિતી મુજબ બપોરના સમયે ગરાડુ ગામના તળાવ ફળિયા નજીક રોડ પર રિક્ષા નં. GJ-20-W-6696 અને ક્રેટા કાર નં. GJ-06-PN-1404 વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આરોપ છે કે ક્રેટા કારનો ચાલક ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રહ્યો હતો, જેના કારણે રિક્ષાને જોરદાર ટક્કર વાગી હતી.

અકસ્માતમાં રિક્ષામાં મુસાફરી કરી રહેલા સબુરીબેનને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે ઝાલોદ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં રિક્ષા ચાલકને પણ ઈજાઓ થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ઘટનાના સાક્ષીઓના જણાવ્યા મુજબ અકસ્માત સર્જ્યા બાદ ક્રેટા કારનો ચાલક પોતાની કાર સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત ક્રેટા કાર અને રિક્ષા બંનેને કબજે લઈ ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ખસેડી હતી.

મૃતક સબુરીબેનના પુત્ર પંકજભાઈ લાલસિંહભાઈ કટારાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ખેડબ્રહ્મામાં વ્યાજખોરીનો આતંક

# 12.50 લાખ સામે રૂ.20.46 લાખ ચૂકવ્યા છતાં વેપારીને જાનથી મારી નાખવાની ધમકી

- પુત્રની સારવાર અને ધંધા માટે વ્યાજે લીધેલા નાણાં ગળાનો ફાંસો બન્યા
- કંટાળીને વેપારીએ પોલીસના દ્વાર ખખડાવ્યા
- મટોડાના તળશી પટેલ સામે ગુનો દાખલ

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પંથકમાં વ્યાજખોરીનો વધુ એક કાળજું કંપાવી દેનારો અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પુત્રની સારવાર અને પોતાના ધંધા માટે વ્યાજે નાણાં લેનારા એક વેપારી વ્યાજખોરના ચક્રવ્યૂહમાં એવા ફસાયા કે મૂળ મૂડી કરતાં બમણી રકમ ચૂકવવા છતાં પણ લોહી ચૂસતા વ્યાજખોરની તરસ છિપાઈ નહોતી. આખરે વ્યાજખોરના અસહ્ય માનસિક ત્રાસ, ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને વેપારીએ હિંમત દાખવી પોલીસનો દરવાજો ખખડાવ્યો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વ્યાજખોર સામે કાયદાનો સિંકોજો કસવાની તજવીજ શરૂ કરી છે. પોલીસ મથકે નોંધાયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, પીડિત વેપારીએ પોતાના પુત્રની તબિયત ખરાબ હોવાથી તેની સારવાર માટે તેમજ ધંધાકીય જરૂરિયાત અર્થે વિવિધ સમયગાળામાં કુલ રૂ. ૧૨.૫૦ લાખ વ્યાજે લીધા હતા. આ રકમ સામે વેપારીએ ઈમાનદારીપૂર્વક અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૦.૪૬ લાખની મસમોટી ચુકવણી કરી દીધી હોવાનું રેકોર્ડ પર આવ્યું છે. આ ચૂકવેલી રકમમાં મૂળ મુડીના રૂ. ૧૨.૫૦ લાખ તો પૂરેપૂરા પરત આપી દીધા હતા, તે ઉપરાંત ઉપરથી રૂ. ૭.૯૬ લાખ તો માત્ર વ્યાજ પેટે ચૂકવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. આટલી મોટી રકમ વ્યાજ સાથે પરત ચૂકવ્યા બાદ પણ આરોપી વ્યાજખોરની દાનત બગડી હતી. તેણે વેપારીને વધુ રૂ. ૩.૭૫ લાખ વ્યાજ પેટે બાકી હોવાનું જણાવી સતત પઠાણી ઉઘરાણી શરૂ રાખી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી દ્વારા વેપારીને દિવસ-રાત વારંવાર ફોન કરીને તેમજ રૂબરૂ આવીને માનસિક દબાણ કરવામાં આવતું હતું. એટલું જ નહીં, વ્યાજખોરે એવી પણ ધમકી આપી હતી કે જો માંગેલી રકમ સમયસર નહીં ચૂકવાય તો તને જાનથી મારી નાખીશ. વ્યાજખોરના સતત માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી વેપારી તથા તેના નિર્દોષ પરિવારજનો ભારે ભયના માહોલમાં જીવવા મજબૂર બન્યા હતા. આખરે પાણી માથા પરથી જતાં વેપારીએ કાયદાનો સહારો લેવાનું નક્કી કર્યું હતું.

# અંકલેશ્વર GIDCની સર્વાઈવલ ટેકનોલોજી કંપનીમાં લાગી આગ

## ફાયર વિભાગે તાત્કાલિક પહોંચી આગ પર કાબૂ મેળવ્યો



ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલી સર્વાઈવલ ટેકનોલોજી કંપનીમાં આગ લાગી હતી. ફાયર વિભાગે તાત્કાલિક પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ લાગતા કંપનીના પરિસરમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની બે ફાયર ટેન્ડરો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી તેના પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફાયર વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



### રામ ચરણે દિગ્દર્શકને આપ્યો ઠપકો

# જાહ્નવી કપૂરની પ્રાઈવેટ ચેટ લીક!, ફિલ્મ નિર્દેશકના વર્તન અને અયોગ્ય કેમેરા એંગલથી નારાજ

મુંબઈ

બોલીવુડ અભિનેત્રી જાહ્નવી કપૂરની કેટલીક અંગત વાતચીતના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ મેસેજને લઈને ઈન્ટરનેટ પર એક નવી ચર્ચા જાગી છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, જાહ્નવી કપૂરે તેની આગામી દક્ષિણ ભારતીય ફિલ્મ "પેદ્દી" ના શૂટિંગ દરમિયાન કેટલાક દ્રશ્યોના ફિલ્માંકન સામે વાંધો ઉઠાવ્યો હતો. ફિલ્મના મુખ્ય અભિનેતા રામ ચરણએ દરમિયાનગીરી કરી હતી અને જાહ્નવીને ટેકો આપ્યો હતો. જો કે, આ વાયરલ સ્ક્રીનશોટની સત્યતાની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. જાહ્નવી કપૂર સાથેની એક ચેટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં અભિનેત્રી તેના ફિલ્મ નિર્દેશકના વર્તન અને અયોગ્ય કેમેરા એંગલથી ખૂબ જ નારાજ દેખાય છે. ચાહકોમાં ફરતા આ સ્ક્રીનશોટમાં, અભિનેત્રી તેના શરીરના અયોગ્ય ચિત્રણ સામે સખત વાંધો ઉઠાવે છે. તેણીએ ચેટમાં લખ્યું કે, "મેં તેમને સ્પષ્ટપણે કહ્યું હતું કે મારી છાતી અને કમરના ફોટા લેવામાં આવશે નહીં." આ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે સેટ પર કેટલાક દ્રશ્યોના શૂટિંગમાં બિલકુલ આરામદાયક નહોતી. લીક થયેલી ચેટ મુજબ, જ્યારે જાહ્નવી કપૂરે આનો વાંધો ઉઠાવ્યો, ત્યારે સુપરસ્ટાર રામ ચરણ તેના બચાવમાં આવ્યા. અહેવાલ મુજબ જાહ્નવીએ કહ્યું હતું કે, "રામ સરનું વર્તન ખૂબ સારું છે. તેમણે દિગ્દર્શકને ઠપકો આપ્યો હતો અને સ્પષ્ટપણે કહ્યું હતું કે ફરી ક્યારેય આવા એંગલથી ફોટા ન લેવા. આનાથી દિગ્દર્શકનો મૂડ પણ બગડ્યો હતો."

આ વાતચીત એવા સમયે વાયરલ થઈ છે જ્યારે ફિલ્મ "પેદ્દી" માં જાહ્નવીના પાત્ર "અચિયમ્મા" ના લુકને લઈને સોશિયલ મીડિયા પર પહેલેથી જ ઘણો વિવાદ ચાલી રહ્યો છે. વિવેચકોનું કહેવું છે કે, ફિલ્મનું ધ્યાન વાર્તા કરતાં જાહ્નવીની સુંદરતા અને તેના કપડાં પર વધુ છે. આ દરમિયાન, અભિનેત્રીનો બીજો સંદેશ લીક થયો, જેણે સોશિયલ મીડિયા પર હંગામો મચાવ્યો. આ સંદેશમાં, તેણીએ દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ વિશે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું. તેણીએ લખ્યું, "આવું દક્ષિણ ભારતીય ફિલ્મોમાં વારંવાર થાય છે." જાહ્નવીના નિવેદનથી આક્રોશ ફેલાયો છે. લોકો સોશિયલ મીડિયા પર દક્ષિણ ભારતીય સિનેમામાં સ્ત્રી ભૂમિકાઓના ખોટા પ્રદર્શન પર સવાલ ઉઠાવી રહ્યા છે. બોલીવુડ અભિનેત્રી જાહ્નવી કપૂરની કેટલીક અંગત વાતચીતના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ મેસેજને લઈને ઈન્ટરનેટ પર એક નવી ચર્ચા જાગી છે.

> **ચાહકોમાં ફરતા આ સ્ક્રીનશોટમાં, અભિનેત્રી તેના શરીરના અયોગ્ય ચિત્રણ સામે સખત વાંધો ઉઠાવે છે.**

# જેનિફર વિંગેટના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું

## સિંગાપોરના બિઝનેસમેન વિલિયમને ડેટ કરી છે એક્ટ્રેસ; ક્રિશ્ચિયન રીતિ-રિવાજ મુજબ થશે વિધિ



મુંબઈ

ટીવી એક્ટ્રેસ જેનિફર વિંગેટ ટૂંક સમયમાં બીજા લગ્ન કરી શકે છે. તે સિંગાપોરના બિઝનેસમેન વિલિયમ ઈશ્માઈલ સાથે રિલેશનશિપમાં છે. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, વિલિયમે એક હોલિડે દરમિયાન જેનિફરને પ્રપોઝ કર્યું હતું, જેના માટે તેણે પોતાની સંમતિ આપી દીધી છે. જોકે, જેનિફર કે વિલિયમ તરફથી હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. જેનિફર વિંગેટ અને તેના બોયફ્રેન્ડ વિલિયમ ઈસ્માઈલ. ઈન્સ્ટાગ્રામ એક્ટિવિટીથી શરૂ થઈ ચર્ચા જેનિફરના લગ્નની ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે ચાહકોએ ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક એક્ટિવિટી નોટિસ કરી. જેનિફરે સોશિયલ મીડિયા પર લગ્નના એક ડાન્સ રીલ વીડિયો પર રિએક્ટ કર્યું હતું. આ પછી ચાહકોએ જોયું કે તેણે ઈન્સ્ટાગ્રામ પર લગ્ન સંબંધિત ઘણા પેજને ફોલો કરવાનું શરૂ કરી દીધું છે. આ એક્ટિવિટી પછીથી જ સોશિયલ મીડિયા પર તેના લગ્નને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે. ખ્રિસ્તી રીતિ-રિવાજ પ્રમાણે થઈ શકે છે લગ્ન

જેનિફર અને વિલિયમ એકસાથે ખૂબ ખુશ છે. વિલિયમના પ્રપોઝલ પછી જેનિફરે લગ્નની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તેઓ વેડિંગ વેન્ડર્સને શોર્ટલિસ્ટ કરી રહી છે અને તેમણે એક મૂડ બોર્ડ પણ તૈયાર કર્યું છે. બંને ખ્રિસ્તી રીતિ-રિવાજ પ્રમાણે લગ્ન કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. લગ્ન માટે આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબર અથવા ડિસેમ્બર-જાન્યુઆરીનો સમય નક્કી કરી શકાય છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જેનિફર અને વિલિયમ હજુ લગ્ન માટે સ્થળ (વેન્યુ) શોધી રહ્યા છે. જેનિફરના નજીકના મિત્રોને આ વાતની સંપૂર્ણ જાણકારી છે. તેના ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મિત્રો જેવા કે હરલીન સેઠી અને જેનેલિયા દેશમુખ પણ આ પ્લાનિંગ વિશે જાણે છે. તાજેતરમાં જેનિફરનું નામ તેના કો-સ્ટાર કરણ વાહી સાથે પણ જોડવામાં આવ્યું હતું, પરંતુ કરણે આ સમાચારોને સંપૂર્ણપણે ખોટા અને ફેક ગણાવ્યા હતા.

# 'વેલકમ ટૂ ધ જંગલ'માં અક્ષય કુમારનો ડબલ રોલ: ફેન્સમાં ભારે ઉત્સાહ

## હેમદ ખન્ના દિગ્દર્શન હેઠળ બનેલી આ ફિલ્મનું ટાઇટલ ટ્રેક અને ટીઝર રિલીઝ થઇ ચૂક્યું છે, જે લોકોને ખુબ પસંદ આવ્યું છે. આ ફિલ્મનું ટ્રેલર પણ જલ્દી રીલીઝ થશે

મુંબઈ

કોઈ પણ પ્રકારની ફિલ્મમાં ફિટ બેસી જતા એક માત્ર એવા ફિટનેસ ફ્રીક અભિનેતા અક્ષય કુમારની નવી ફિલ્મ ફરી પડદા પર ધૂમ મચાવવા આવી રહી છે. તેમના ચાહકો પણ અક્ષય કુમારની ફિલ્મોની રાહ જોતા હોય છે. અક્ષય કુમારની ફિલ્મ 'વેલકમ ટૂ ધ જંગલ' ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મની સ્ટાર કાસ્ટ પણ જૂની 'વેલકમ' ફિલ્મ જેટલી જ જોરદાર છે. નેટિઝન્સ પણ આ ફિલ્મ રિલીઝની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ 11 જૂને આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થશે. હેમદ ખન્ના દિગ્દર્શન હેઠળ બનેલી આ ફિલ્મનું ટાઇટલ ટ્રેક અને ટીઝર રિલીઝ થઈ ચૂક્યું છે, જે લોકોને ખુબ પસંદ આવ્યું છે. આ ફિલ્મનું ટ્રેલર પણ જલ્દી રીલીઝ થશે. બોક્સ ઓફિસ વર્લ્ડ વાઈડ પાસેથી મળતી વિગતો મુજબ, 'વેલકમ ટૂ ધ જંગલ' ફિલ્મનું ટ્રેલર 11 જૂને 2026ના આવી રહ્યું છે. જેમાં આખી સ્ટારકાસ્ટની કોમિક ટાઈમિંગ, મસ્તી અને ફિલ્મની વાર્તાની ઝલક જોવા મળશે. અક્ષયકુમાર ડબલ રોલમાં આ ફિલ્મના ટીઝર રિલીઝ સમયે તેનું કેપ્શન કંઈક આ રીતે લખવામાં આવ્યું હતું, 'વેલકમ ટૂ ધ જંગલ' , યે જંગલ તો સેફ હે, પર યે લોગ, બિલકુલ નહીં. આ ફિલ્મમાં અક્ષય કુમાર ડબલ રોલમાં જોવા મળશે. ટીઝર પરથી લોકો ફિલ્મ મજેદાર હશે એવું અનુમાન કરી રહ્યા છે. આ ફિલ્મની સ્ટારકાસ્ટમાં શૂટિંગ દરમિયાન કોઈને કોઈ મસ્તી ચાલતી રહેતી હતી. આ ફિલ્મમાં કોમેડિયન દિગ્ગજો સામેલ છે. આ ફિલ્મ 26 જૂને સિનેમાઘરોમાં જોવા મળશે. વેલકમ ફ્રેન્ચાઈઝીની ચર્ચા આ ફિલ્મના ત્રણ ગીતો રિલીઝ થઈ ચુક્યા છે. જેમાંથી એક ગીતમાં ભોજપુરી તડકો જોવા મળ્યો છે. એ ગીતનું નામ 'ધીસ ધીસ ધીસ' છે. આ ગીતમાં અક્ષય કુમાર સાથે ભોજપુરી અભિનેત્રી અક્ષર સિંહ જોવા મળી છે.આ ફિલ્મ સાથે લોકોની આશા જોડાયેલી છે. કારણકે વેલકમ ફ્રેન્ચાઈઝીની અગાઉની બન્ને ફિલ્મોને દર્શકો તરફથી ભરપૂર પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મનો પહેલો ભાગ 2007માં અને બીજો 2015માં સિનેમાઘરોમાં આવી હતી. હવે જોવાનું રહ્યું કે શું અગાઉની 'વેલકમ' ફિલ્મોની જેમ આ ફિલ્મ લોકોની આશાઓ પર ખરી ઉતરશે કે નહીં, તે જોવાનું રહેશે.






# અમિતાભ બચ્ચનને અડધી રાત્રે ટ્વીટ કરવું પડ્યું ભારે

## મેગાસ્ટાર હાલમાં તેમની આ 2 બહુચર્ચિત પોસ્ટના કારણે ખૂબ ચર્ચામાં

મુંબઈ

મેગાસ્ટાર અમિતાભ બચ્ચન પોતાની ફિલ્મો 'કોન બનેગા કરોડપતિ' શૉની સાથે સાથે સોશ્યલ મીડિયાના માધ્યમથી પોતાના ચાહકો સાથે જોડાયેલા રહે છે. બિગ-બી સોશ્યિલ મીડિયા પર અવારનવાર કોઈને કોઈ મુદ્દા પર પોસ્ટ કરતા રહે છે. ખાસ કરીને વધતી ઉંમર, જિંદગીની અનિશ્ચિતતા અને સમસ્યાને લઈને પોતાના મનની વાતો પોતાના ચાહકો સમક્ષ રજૂ કરતા રહે છે. બિગ બીએ તાજેતરમાં જ પોતાના વિચારો તેમના ચાહકો સમક્ષ રજૂ કર્યા હતા, પણ આ વખતે તેઓ ભારે ટ્રોલ થયા હતા. હાલમાં અમિતાભ બચ્ચને સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં તેમણે હીરાના મોંઘા થવાનું કારણ જણાવ્યું હતું. આ પોસ્ટના લીધે બિગ-બી નેટિઝન્સના ટ્રોલિંગનો શિકાર બન્યા હતા. અમિતાભ બચ્ચને પ્લેટફોર્મ એક્સ પર રાતના 2.12 પોસ્ટ કરીને પૂછ્યું હતું કે હીરો મોંઘો કેમ મળે છે. પોસ્ટમાં આગળ લખ્યું હતું, કે 'હીરો એટલે મોંઘો નથી કેમ કે તે દુર્લભ અને અસામાન્ય છે, તે એટલા માટે મોંઘો છે કેમકે તેને શોધવાનું મુશ્કેલ છે.' આ પોસ્ટ બાદ થોડી જ ક્ષણોમાં આ પોસ્ટ વાઈરલ થઈ ગઈ હતી. નેટિઝન્સે તેમના પર આકરા પ્રહારો શરૂ કરી દીધા હતા. લોકો પૂછવા લાગ્યા કે કેમ તેમણે નીટ પેપર લીક અને વિદ્યાર્થીઓના આપઘાતના મામલે કોઈ ટિપ્પણી કરી નહોતી. અમિતાભ બચ્ચનની આ પોસ્ટ જોઈને યુઝર્સ ગુસ્સે થઈ ગયા હતા અને કેટલાક યુઝર્સે સવાલો પણ ઉઠાવ્યા હતા, કે આવી ફાલતુ ચીજો પર લખવાની જગ્યાએ તેઓ અસલી મુદ્દાઓ પર ચર્ચા કેમ નથી કરી રહ્યા, નીટ પેપરલીક મુદ્દે કે પછી પેટ્રોલ-ડીઝલના ભાવ વિશે રિએકશન કેમ ના આપ્યું જેવી ટિપ્પણીઓ યુઝર્સ દ્વારા કરવામાં આવી હતી. બિગ બીની તાજેતરની પોસ્ટ પર રિએક્ટ કરતા એક યૂઝરે લખ્યું હતું કે, 'સર હીરાની જેમ જ જીવન પણ કિંમતી છે. નીટ પેપરલીક બાદ અત્યાર સુધીમાં 6 વિદ્યાર્થીએ આપઘાત કરી ચુક્યા છે. તમે વિદ્યાર્થીઓ માટે એક શબ્દ પણ બોલતા નથી. અફસોસ થાય છે કે ફિલ્મોમાં અન્યાય સહન ન કરનારા પાત્ર ભજવ્યા બાદ પણ અસલ જિંદગીમાં બાળકો અને યુવાનો પર થતા અન્યાય પર ચૂપ છો. આશા છે સાર, તમે રિપ્લાય આપશો.' અમિતાભ બચ્ચને હીરાના ટ્વિટ પહેલા લખ્યો બ્લોગ હીરાની પોસ્ટ પહેલા બિગ-બીએ થોડી મિનિટો પહેલા જ એક બ્લોગ પણ લખ્યો હતો. જેમાં તેમને પ્રેરણા આપતા વિચારકો વિશે વાત કરી હતી. આ પોસ્ટ બાદ પણ ચર્ચાએ જોર પકડ્યું હતું.

# નેશનલ એવોર્ડ વિજેતા એક્ટર સલીમ કુમારનું નિધન, PM મોદીએ વ્યક્ત કર્યો શોક

નવી દિલ્હી

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પણ કોઈ દુઃખદ ઘટના બને ત્યારે એ સંદર્ભે ટ્વિટ કરીને પોતાની લાગણી વ્યક્ત કરે છે. કોઈ મોટો અકસ્માત હોય કે કોઈ જાણીતી વ્યક્તિનું નિધન, પીએમ મોદી હંમેશાં પોતાના ટ્વિટર પર એક પોસ્ટ મૂકીને એમની સાથેના સ્મરણ વાગોળે છે તો ક્યારેક સાંત્વના પણ પાઠવે છે. મલયાલમ સિનેમા અને નેશનલ એવોર્ડ વિજેતા એક્ટર સલીમ કુમારનું નિધન થતા મોદીએ ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું. સલીમ કુમારના નિધનથી એમના ફેન્સમાં અને સમગ્ર મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજું ફરી વળ્યું છે. શું લખ્યું મોદીએ આ પોસ્ટમાં? 56 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લેનાર એક્ટરની સારવાર કોચીની હોસ્પિટલમાં ચાલી રહી હતી. એમના નિધન પર મોદીએ પોતાની ભાવના વ્યક્ત કરી છે. મલયાલમ સિનેમામાં 322થી વધારે ફિલ્મોમાં એક્ટિંગ અને 3 ફિલ્મોનું નિર્માણ કરનાર સલીમ પોતાની પાછળ લાંબી ફિલ્મ હિસ્ટ્રી છોડી ગયા છે. હાલ એમના પુત્ર પણ એક્ટિંગની દુનિયામાં માઈલસ્ટોન ઊભો કરવા પ્રયાસ કરી રહ્યો છે. વડા પ્રધાન મોદીએ સલીમ કુમારના નિધન પર વાત કરતા પોસ્ટમાં લખ્યું હતું કે, દિગ્ગજ અભિનેતા સલીમ કુમારના નિધનથી ઘણું દુઃખ થયું છે. પોતાની શાનદાર કરિયરમાં તેમણએ પોતાની બહુમુખી પ્રતિભા તથા જુદી જુદી ભૂમિકામાં યાદગાર પ્રદર્શન કરીને એક માઈલસ્ટોન છાપ છોડી છે. દુઃખની આ ઘડીમાં મારી સંવેદના એમના પરિવાર તથા પ્રશંસકો સાથે છે. ઓમ શાંતિ. કેરળમાં થશે અંતિમસંસ્કાર સલીમ કુમારના પરિવારમાં એમના પત્ની સુનીતા અને બે બાળકો ચંદુ અને આરોમલ છે. ચંદુએ પણ ફિલ્મની દુનિયામાં નામ કમાવવા માટે એક એક્ટર તરીકે સારૂ કામ કર્યું છે. તાજેતરમાં જ તેણે કલ્યાણી પ્રિયદર્શન સાથે લોકા ચેપ્ટર વન ફિલ્મ કરી હતી. જેનું ફોર્મેટ વેબસીરિઝ જેવું હતું. સલીમ કુમારની તબિયત લથડતા સારવાર હેતુ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સારવાર દરમિયાન એમનું મૃત્યું નીપજ્યું છે. કોચીની એક ખાનગી હોસ્પિટલમાં તેણે અંતિમ શ્વાસ લીધા હતા. વેન્ટિલેટર પર એમની સારવાર ચાલું હતી. થોડા સમય પહેલા એમના લીવરનું ટ્રાંસપ્લાન્ટ કરાવવામાં આવ્યું હતું.





પાક્કો ગુજરાત
મંગળવાર | 09 જૂન 2026 | અમદાવાદ

### ડેબ્યૂ મેચથી જ આ વિસ્ફોટક ઓલરાઉન્ડરને કેમ માનવામાં આવે છે રવીન્દ્ર જાડેજાનું પર્ફેક્ટ રિપ્લેસમેન્ટ? જાણો 'પાક્કો ગુજરાત'નો ખાસ અહેવાલ

# ટીમ ઇન્ડિયાનો ભવ્ય વિજય: અફઘાનિસ્તાનને એક ઇનિંગ્સ અને 300 રનથી કચડ્યું!

પાક્કો ગુજરાત સ્પોર્ટ્સ ડેસ્ક

ભારતીય ક્રિકેટ ટીમે ટેસ્ટ ક્રિકેટમાં ફરી એકવાર પોતાનું પ્રચંડ પ્રભુત્વ સાબિત કરતા અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચમાં એક ઈનિંગ્સ અને ૩૦૦ રનથી ઐતિહાસિક વિજય મેળવ્યો છે. આ ભવ્ય જીતની સાથે જ ક્રિકેટ જગતમાં એક નવો સૂરજ ઉગ્યો છે. આ મેચમાં ડેબ્યૂ કરનારા ભારતના યુવા ઓલરાઉન્ડરે પોતાના શાનદાર પ્રદર્શનથી બન્ને ઈનિંગ્સમાં વિપક્ષી ટીમના સુપડા સાફ કરી દીધા હતા. આ ધમાકેદાર ડેબ્યૂ બાદ ક્રિકેટ પંડિતો અને ફેન્સ સોશિયલ મીડિયા પર એક જ સવાલ પૂછી રહ્યા છે કે, શું ટીમ ઈન્ડિયાને રવીન્દ્ર જાડેજાનું સચોટ રિપ્લેસમેન્ટ મળી ગયું છે?

શા માટે આ ખેલાડીને 'સર જાડેજા'ના વારસદાર માનવામાં આવે છે?

૧. ડાબોડી સ્પિનર અને આક્રમક બેટિંગનું ઘાતક કોમ્બિનેશન:

રવીન્દ્ર જાડેજાની જેમ જ આ યુવા ખેલાડી પણ ડાબોડી સ્પિન બોલર છે અને લોઅર-ઓર્ડરમાં આવીને મેચનું પાસુ પલટી નાખે તેવી આક્રમક બેટિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. ડેબ્યૂ મેચમાં તેણે દબાણની સ્થિતિમાં અદ્ભુત બેટિંગ કરી ટીમનો સ્કોર મજબૂત કર્યો હતો.

૨. સચોટ લાઈન-લેન્થ અને વિકેટ ટેકિંગ ક્ષમતા:

જાડેજાની સૌથી મોટી તાકાત એ છે કે તે બેટ્સમેનને રમવાનો બિલકુલ સમય નથી આપતો. આ ડેબ્યુટન્ટ ખેલાડીએ પણ અફઘાનિસ્તાન સામે બિલકુલ એ જ અંદાજમાં સચોટ લાઈન અને લેન્થ પર બોલિંગ કરીને બેટ્સમેનોને રન બનાવવા માટે તરસાવી દીધા અને ટપોટપ વિકેટો ઝડપી લીધી.



૩. રોકેટ આર્મ ફિલ્ડિંગ:

આધુનિક ક્રિકેટમાં ફિલ્ડિંગનું બહુ મહત્વ છે. જાડેજા વિશ્વનો સર્વશ્રેષ્ઠ ફિલ્ડર ગણાય છે. આ નવો ખેલાડી પણ મેદાન પર એટલો જ ચપળ છે. ડેબ્યૂ મેચમાં જ તેના અદભુત કેચ અને ચિત્તા જેવી સ્ફૂર્તિ દર્શાવે છે કે તે ફિલ્ડિંગમાં પણ જાડેજાની ખોટ સાલવા દેશે નહીં.

ભવિષ્યનો સુપરસ્ટાર: ટેસ્ટ ક્રિકેટમાં ભારતનો નવો રોડમેપ રવીન્દ્ર જાડેજા લાંબા સમયથી ભારત માટે ત્રણેય ફોર્મેટમાં કરોડરજ્જુ રહ્યો છે, પરંતુ વધતી ઉંમર અને ફિટનેસની સમસ્યાઓ વચ્ચે ભારતને એક એવા ઓલરાઉન્ડરની જરૂર હતી જે તેની જગ્યા લઈ શકે.

અફઘાનિસ્તાન સામેનો આ ભવ્ય વિજય માત્ર એક મેચની જીત નથી, પરંતુ ભારતીય ક્રિકેટના આગામી દાયકાના નવા સુપરસ્ટારની એન્ટ્રીની સત્તાવાર જાહેરાત છે. હવે જોવાનું એ રહેશે કે આ નવો સ્ટાર આગામી વિદેશી પ્રવાસો પર કેવું પ્રદર્શન કરે છે, પરંતુ તેની પ્રથમ જ મેચે સાબિત કરી દીધું છે કે તેનામાં લાંબી રેસનો ઘોડો બનવાના તમામ ગુણો મોજૂદ છે. 'પાક્કો ગુજરાત' તરફથી ટીમ ઈન્ડિયા અને આ યુવા ખેલાડીને ખૂબ ખૂબ અભિનંદન!

## ઈંગ્લેન્ડે લોર્ડ્સમાં ન્યૂઝીલેન્ડને 115 રનથી હરાવ્યું

મુંબઈ

ઈંગ્લેન્ડે લોર્ડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડને 115 રનથી હરાવ્યું. આ સાથે ટીમે ત્રણ મેચની સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી. બીજી ટેસ્ટ 17 જૂનથી ધ ઓવલ ખાતે રમાશે. રવિવારે ન્યૂઝીલેન્ડ 138 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ઈંગ્લેન્ડે 254 રનનો ટાર્ગેટ આપ્યો હતો. મેચના ચોથા દિવસે ગસ એટકિન્સને બીજી ઈનિંગ્સમાં 5 વિકેટ લીધી. તેણે પહેલી ઈનિંગ્સમાં 2 વિકેટ લીધી હતી. ઓલી રોબિન્સનને મેચમાં 7 વિકેટ લેવા બદલ પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો.




એટકિન્સનને 5 વિકેટ મેચના છેલ્લા દિવસે ગસ એટકિન્સને 30 રન આપીને 5 વિકેટ ઝડપી અને ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સ સમેટી લીધી. રોબિન્સને 2, જોશ ટંગે 2 અને કેપ્ટન બેન સ્ટોક્સે 1 વિકેટ લીધી. મેચ માત્ર 167 ઓવરમાં સમાપ્ત થઈ ગઈ. 254 રનને ચેઝ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની શરૂઆત ખરાબ રહી. કેપ્ટન ટોમ લેથમ ખાતું ખોલ્યા વિના આઉટ થયો, જ્યારે કેન વિલિયમસન માત્ર 18 રન જ બનાવી શક્યો. રોબિન્સન અને જોશ ટંગે સતત વિકેટો લઈને ન્યૂઝીલેન્ડને બેકફૂટ પર ધકેલી દીધું. ડેવોન કોનવેએ 91 બોલમાં 41 રન અને ગ્લેન ફિલિપ્સે અણનમ 44 રન બનાવ્યા, પરંતુ તેમને બીજા છેડેથી કોઈ સાથ મળ્યો નહીં. મેચની શરૂઆત ન્યૂઝીલેન્ડના ટૉસ જીતીને બોલિંગ પસંદ કરવાથી થઈ. કાઈલ જેમિસન અને નાથન સ્મિથની બોલિંગ સામે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. હેરી બ્રુકે 71 બોલમાં 56 રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી. જેમિસને 62 રન આપીને 5 વિકેટ અને નાથન સ્મિથે 3 વિકેટ ઝડપી.

### ગયા વર્ષે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી

## તમીમ ઇકબાલ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ:4 વર્ષ સુધી કાર્યકાળ સંભાળશે

મુંબઈ

બાંગ્લાદેશના પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના નવા અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. રવિવારે ઢાકામાં યોજાયેલી ચૂંટણીમાં તેઓ બિનહરીફ ચૂંટાયા અને હવે ચાર વર્ષ સુધી આ પદ પર રહેશે. 37 વર્ષીય તમીમ એપ્રિલથી વચગાળાના અધ્યક્ષ તરીકે કામ કરી રહ્યા હતા, જ્યારે બાંગ્લાદેશ સરકારે BCBના નિર્દેશક મંડળને ભંગ કરી દીધું હતું. તેઓ BCBના 21મા અધ્યક્ષ બન્યા છે. તમીમે ગયા વર્ષે જાન્યુઆરીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમણે બાંગ્લાદેશ માટે પોતાની છેલ્લી મેચ સપ્ટેમ્બર 2023માં રમી હતી. તેમણે ફેબ્રુઆરી 2007માં ઝિમ્બાબ્વે સામેની વન-ડે મેચથી પોતાની આંતરરાષ્ટ્રીય



કારકિર્દીની શરૂઆત કરી હતી. પૂર્વ અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ પર ભ્રષ્ટાચારના આરોપો આ ચૂંટણીઓ બાંગ્લાદેશ સરકાર દ્વારા એપ્રિલમાં વચગાળાની સંસ્થા હેઠળ યોજવામાં આવી હતી. આ પહેલા સરકારે એક તપાસ સમિતિના રિપોર્ટના આધારે અમીનુલ ઈસ્લામના નેતૃત્વ હેઠળની અગાઉની ચૂંટાયેલી સંસ્થાને ભંગ કરી દીધી હતી. તપાસ સમિતિએ અમીનુલ અને તેમના બોર્ડ સભ્યોને ભ્રષ્ટાચારમાં સામેલ હોવાનું શોધી કાઢ્યું હતું અને બંધારણમાં સુધારાની ભલામણ કરી હતી. ફહીમ સિંહા બન્યા ઉપાધ્યક્ષ, 25 સભ્યોના બોર્ડની રચના પૂર્ણ ચૂંટણી પછી યોજાયેલી પ્રથમ બોર્ડ બેઠકમાં ફહીમ સિંહાને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમને 66 મત મળ્યા હતા. આ સાથે 25 સભ્યોના બોર્ડની રચના પૂર્ણ થઈ ગઈ, જે આગામી ચાર વર્ષ સુધી બાંગ્લાદેશ ક્રિકેટનું સંચાલન કરશે.

## 29 વર્ષના ઝ્વેરેવે પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યું

### ફ્રેન્ચ ઓપનના ફાઈનલમાં કોબોલીને હરાવ્યો, પાંચ સેટ સુધી ચાલી મેચ

પેરિસ

જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે પોતાની કારકિર્દીનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતી લીધો છે. તેણે ફ્રેન્ચ ઓપન 2026ની ફાઈનલમાં ઈટાલીના ફ્લેવિયો કોબોલીને હરાવ્યો. પેરિસમાં રવિવારે રમાયેલી મેન્સ સિંગલ્સ ફાઈનલમાં બીજી સીડ ઝ્વેરેવે દસમી વરીયતા પ્રાપ્ત ફ્લેવિયોને પાંચ સેટમાં 6-1, 4-6, 6-4, 6-7, 6-1 થી હરાવ્યો. 29 વર્ષના ઝ્વેરેવ 11 વર્ષથી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં રમી રહ્યો છે. આ પહેલા તેઓ ગ્રાન્ડ સ્લેમમાં ત્રણ વખત ફાઈનલમાં અને સાત વખત સેમિફાઈનલમાં હારી ચૂક્યો હતો. ફ્રેન્ચ ઓપન ઉપરાંત, ઓસ્ટ્રેલિયન ઓપન, વિમ્બલડન અને યુએસ ઓપનને ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ કહેવામાં આવે છે. ઝ્વેરેવે મેચની શરૂઆત ધમાકેદાર અંદાજમાં કરતા પહેલો સેટ સરળતાથી 6-1થી જીતી



લીધો. આ પછી કોબોલીએ વાપસી કરી અને બીજો સેટ 6-4થી પોતાના નામે કર્યો. ઝ્વેરેવે ફરી ત્રીજો સેટ 6-4થી જીત્યો, પરંતુ કોબોલીએ ચોથા સેટને ટાઈ-બ્રેકરમાં 7-6(5)થી જીતીને મુકાબલાને પાંચમા સેટમાં પહોંચાડી દીધો. છેલ્લા સેટમાં ઝ્વેરેવે ફરી એકવાર 6-1થી એકતરફી જીત નોંધાવી. ઝ્વેરેવ ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ જીતનાર 89 વર્ષ પછી પ્રથમ જર્મન મેન્સ ખેલાડી બન્યો છે. તેની પહેલાં 1937માં જર્મનીના હેનર હેન્કેલે આ ટુર્નામેન્ટ જીતી હતી. જ્યારે, કોઈપણ ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સનું ટાઇટલ જીતનાર છેલ્લા જર્મન મેન્સ ખેલાડી બોરિસ બેકર હતા, જેમણે 1996માં ઓસ્ટ્રેલિયન ઓપન જીતી હતી. ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો હતો ઝ્વેરેવે માસ્ટર્સ 1000 ઈવેન્ટ્સ સાથે બે ATP ફાઈલ્સ પણ જીતી છે. ટોકિયોમાં ઝ્વેરેવે ઓલિમ્પિક ગોલ્ડ પણ જીત્યો હતો પરંતુ તેના ખાતામાં ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ નહોતું. આ પહેલાં 2020 યુએસ ઓપન, 2024 ફ્રેન્ચ ઓપન અને 2025 ઓસ્ટ્રેલિયા ઓપનની ફાઈનલ મેચ તે હારી ચૂક્યો હતો. ફ્રેન્ચ ઓપન 2026ની ફાઈનલમાં પહોંચેલા ફ્લેવિયો કોબોલી ઈટાલીના ઉભરતા ટેનિસ ખેલાડીઓમાં ગણાય છે. 24 વર્ષના કોબોલી પહેલીવાર કોઈ ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં પહોંચ્યો હતો. આખી ટુર્નામેન્ટમાં તેણે ઘણા મજબૂત ખેલાડીઓને હરાવીને ફાઈનલ સુધીની સફર ખેડી હતી. મીરા એન્ડ્રીવા વુમન્સ સિંગલ્સની ચેમ્પિયન. આ પહેલા શનિવારે રશિયાની 19 વર્ષીય ટેનિસ ખેલાડી મીરા એન્ડ્રીવાએ ફ્રેન્ચ ઓપન 2026નો વુમન્સ સિંગલ્સ ટાઇટલ જીત્યું હતું. તેણે પોલેન્ડની માયા ચ્વાલિન્સ્કાને હરાવી હતી. તેનું પણ આ પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ હતું. નોંધનીય છે કે જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે પોતાની કારકિર્દીનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતી લીધો છે. તેણે ફ્રેન્ચ ઓપન 2026ની ફાઈનલમાં ઈટાલીના ફ્લેવિયો કોબોલીને હરાવ્યો. પેરિસમાં રવિવારે રમાયેલી મેન્સ સિંગલ્સ ફાઈનલમાં બીજી સીડ ઝ્વેરેવે દસમી વરીયતા પ્રાપ્ત ફ્લેવિયોને પાંચ સેટમાં 6-1, 4-6, 6-4, 6-7, 6-1 થી હરાવ્યો.



### ચાંદી 15 હજારથી ઘટીને ₹2.41 લાખ પ્રતિ કિલો પર આવી

## ઓલટાઇમ હાઈથી પોણા 2 લાખ ઘટી ચાંદી

મુંબઈ

મિડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે આજે એટલે કે 8 જૂને સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે 3,470 રૂપિયા ઘટીને 1.51 લાખ રૂપિયા થયો છે. જ્યારે 1 કિલો ચાંદીની કિંમત 15,748 રૂપિયા ઘટીને 2.41 લાખ રૂપિયા પર આવી ગઈ છે. 31 મેના રોજ ચાંદીની કિંમત 2,63,350 રૂપિયા હતી.

નિષ્ણાતોના મતે, ભૌગોલિક રાજકીય તણાવને કારણે લોકો બજારમાંથી પૈસા કાઢીને પોતાની પાસે રોકડ રાખી રહ્યા છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ



જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 25 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં 130 દિવસમાં ચાંદી 1.45 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. આમ તો યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ વધે છે, પરંતુ આ વખતે સ્થિતિ થોડી અલગ છે:

રોકડની બચત: મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેઓ પોતાનું સોનું અને ચાંદી વેચીને 'રોકડ' એકઠી કરી રહ્યા છે જેથી અનિશ્ચિતતાના સમયે તેમની પાસે લિક્વિડ કેશ રહે.

પ્રોફિટ બુકિંગ: જાન્યુઆરીમાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, તેથી મોટા રોકાણકારોએ ઊંચા ભાવે પોતાની હોલ્ડિંગ વેચવાનું શરૂ કરી દીધું, જેના કારણે બજારમાં સપ્લાય વધી ગઈ અને કિંમતો ઘટી ગઈ.

### નિફ્ટી પણ 244 અંક ઘટીને 23,123 પર આવ્યો

## સેન્સેક્સ 719 અંક ઘટીને 73,524 પર બંધ, મેટલ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી

વોશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે આજે એટલે કે સોમવાર, 8 જૂને સેન્સેક્સ 719 પોઈન્ટ (0.97%) ના ઘટાડા સાથે 73,524 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 244 પોઈન્ટ્સ (1.04%) નો ઘટાડો રહ્યો, તે 23,123 પર બંધ થયો. આજના કારોબારમાં IT, મેટલ અને રિયલ્ટી શેરોમાં વધુ વેચવાલી જોવા મળી.

એપ્રિલમાં થયેલા યુદ્ધવિરામ બાદ પહેલીવાર ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કર્યો. જવાબમાં ઈઝરાયલે સોમવારે વહેલી સવારે પશ્ચિમી અને મધ્ય ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા. તેહરાન, તબરીઝ અને ઈસ્ફહાનમાં ધમાકાના સમાચાર છે. આ કારણે ભૌગોલિક રાજકીય તણાવ વધી ગયો છે જેની અસર બજાર પર દેખાઈ રહી છે. સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે



જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે. રેઝિસ્ટન્સ એટલે કે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આવું વેચાણ વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે. 5 જૂને સેન્સેક્સ 116 અંકના ઘટાડા સાથે 74,243 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 50 અંકનો ઘટાડો રહ્યો, તે 23,366ના સ્તર પર બંધ થયો. આજના કારોબારમાં મેટલ અને આઈટી શેરોમાં સૌથી વધુ વેચાણ રહ્યું. મિડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે આજે એટલે કે સોમવાર, 8 જૂને સેન્સેક્સ 719 પોઈન્ટ (0.97%) ના ઘટાડા સાથે 73,524 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 244 પોઈન્ટ્સ (1.04%) નો ઘટાડો રહ્યો, તે 23,123 પર બંધ થયો. આજના કારોબારમાં IT, મેટલ અને રિયલ્ટી શેરોમાં વધુ વેચવાલી જોવા મળી.

એપ્રિલમાં થયેલા યુદ્ધવિરામ બાદ પહેલીવાર ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કર્યો. જવાબમાં ઈઝરાયલે સોમવારે વહેલી સવારે પશ્ચિમી અને મધ્ય ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા. તેહરાન, તબરીઝ અને ઈસ્ફહાનમાં ધમાકાના સમાચાર છે. આ કારણે ભૌગોલિક રાજકીય તણાવ વધી ગયો છે જેની અસર બજાર પર દેખાઈ રહી છે.

### BYD ના 'બધું જ જાતે બનાવો' મોડેલની અગ્નિપરીક્ષા

## ટેસ્લાને પાછળ છોડનાર BYDનો નફો પહેલી વખત ઘટ્યો

**ચીનના શેનઝેનમાં EV દિગ્ગજ BYDનું હેડક્વાર્ટર છે. અહીં આવતા મહેમાનોને એક પ્રદર્શન જોવા મળતું હતું. એક ડ્રિલથી સામાન્ય EVને વીંધવામાં આવતી હતી, જે તરત જ આગ પકડી લેતી**

મુંબઈ

ચીનના શેનઝેનમાં EV દિગ્ગજ BYDનું હેડક્વાર્ટર છે. અહીં આવતા મહેમાનોને એક પ્રદર્શન જોવા મળતું હતું. એક ડ્રિલથી સામાન્ય EVને વીંધવામાં આવતી હતી, જે તરત જ આગ પકડી લેતી. પછી BYDની બ્લેડ બેટરી પર તેનું પુનરાવર્તન કરવામાં આવતું, પરંતુ તે સુરક્ષિત રહેતી. આ જ બેટરીના જોરે BYD EV શિખર પર પહોંચી. પરંતુ હવે ચાર વર્ષમાં પહેલીવાર કંપનીનો નફો ઘટ્યો. સતત આઠ મહિના સુધી વર્ષ-દર-વર્ષ વેચાણમાં ઘટાડો થયો અને 2026ની શરૂઆતમાં હરીફ ગીલીએ ત્રણ વર્ષથી વધુ સમય પછી BYDને ચીનની ટોચની EV કંપનીના પદ પરથી હટાવી દીધી, જોકે બાદમાં BYDએ આ ખિતાબ ફરીથી છીનવી લીધો. BYDના સ્થાપક વાંગ ચુઆનફુએ એક એવી રણનીતિ અપનાવી જે તેમને બાકીના લોકોથી અલગ પાડતી હતી - લિથિયમ પ્રોસેસિંગ પ્લાન્ટથી લઈને AI મોડેલ સુધી બધું જ જાતે બનાવો. આ રણનીતિએ ખર્ચને નિયંત્રિત કરવામાં મદદ કરી. સીગલ જેવા મોડેલ માત્ર 10,000 ડોલર (લગભગ 9.5 લાખ રૂપિયા)માં લોન્ચ કર્યા. નવા મોડેલ ઝડપથી બજારમાં આવે છે. છેલ્લા એક દાયકામાં આવક દસ ગણી વધીને 116



અબજ ડોલર (લગભગ 11.6 લાખ કરોડ રૂપિયા) પર પહોંચી ગઈ. 2025માં BYDએ ઈલોન મસ્કની ટેસ્લા કરતાં વધુ કારો વેચી. ચુઆનફુની સંપત્તિ 2 લાખ કરોડ રૂપિયા છે. પરંતુ ચીનનો ઓટો ઉદ્યોગ ઝડપથી બદલાઈ રહ્યો છે. યુવા ખરીદદારો કાર લેતી વખતે સૌથી પહેલા ડેશબોર્ડ પર લાગેલા મોટા આધુનિક એન્ટરટેઈનમેન્ટ પેનલ જુએ છે. શિયાઓપેંગ મોટર્સ અને લી ઓટો જેવી કંપનીઓ ઈન્ટરનેટ ઉદ્યોગમાંથી આવેલા ઉદ્યોગસાહસિકો દ્વારા બનાવવામાં આવી છે. ફોક્સવેગને શિયાઓપેંગ મોટર્સ પાસેથી સિસ્ટમ નોલેજ ખરીદ્યું. હુઆવેઈનો એક ડિવિઝન પાંચ અલગ-અલગ કાર કંપનીઓને સોફ્ટવેર અને એન્ટરટેઈનમેન્ટ સિસ્ટમ વેચી રહ્યું છે. તેણે JAC જેવી સરકારી કંપનીને 1 લાખ ડોલરથી વધુ કિંમતનો લક્ઝરી EV બ્રાન્ડ 'મેક્સ્ટ્રો' લોન્ચ કરવામાં મદદ કરી. ગીલીએ AI સ્ટાર્ટઅપ સ્ટેપફન સાથે ઓટોનોમસ ડ્રાઈવિંગ અને આઈફ્લાયટેક સાથે વોઈસ રેકગ્નિશન માટે કરાર કર્યો. નિષ્ણાતોના મતે BYDનું બેટરી ઈનોવેશન શાનદાર છે. 10 મિનિટની ફાસ્ટ ચાર્જિંગ અને -30 ડિગ્રી સેલ્સિયસ પર પ્રદર્શન શાનદાર છે. પરંતુ જ્યારે આખો ઉદ્યોગ સોફ્ટવેર, AI અને એન્ટરટેઈનમેન્ટ તરફ વળી રહ્યો હોય, ત્યારે માત્ર બેટરીના જોરે આગળ રહેવું મુશ્કેલ બનતું જાય છે. સવાલ એ છે કે શું 'બધું જાતે બનાવો' વાળી વિચારસરણી આ યુગમાં પણ કામ આવશે? BYD એ રણનીતિ બદલી ઘટતા વેચાણ વચ્ચે BYD એ ઉતાવળમાં ઓટોનોમસ ડ્રાઈવિંગ ટેકનોલોજી સંપૂર્ણપણે તૈયાર થાય તે પહેલા જ ઘણા સસ્તા મોડલોમાં ઉતારી દીધી. ઘણા અકસ્માતો થયા. હુઆવેના વરિષ્ઠ અધિકારી યુ ચેંગડોંગે કહ્યું કે, જે ખૂબ સારું અને સુરક્ષિત ઈન્ટેલિજન્ટ ડ્રાઈવિંગ છે, તે બે બિલકુલ અલગ સ્તર છે.

## શોર્ટકટથી પૈસા કમાવવાની લાલચમાં યુવાનો જોખમી રોકાણના રવાડે

- **60 ટકાથી વધુ યુવાનો અને ખાસ કરીને જેન ઝી દર મહિને રૂપિયા પાંચથી 50 હજાર જેટલું રોકાણ કરે છે**

મુંબઈ

દારૂ, ડ્રગ્સ બાદ આજકાલ મોટા પ્રમાણમાં યુવાનોને જાણે શેરબજારનો નશો ચઢ્યો છે. શોર્ટ કટથી પૈસા કમાવવા અને રાતોરાત લખપતિ બનવાની લહાયમાં શેરબજારની એબીસીડી જાણ્યા વગર રોકાણ કરતા યુવાનોની સંખ્યા સતત વધી રહી છે. સેબીના સત્તાવાર આંકડા મુજબ, વર્ષ 2019માં નેશનલ સ્ટોક એક્સચેન્જમાં રોકાણ કરતા 30થી ઓછી ઉંમરના યુવાનોનું પ્રમાણ 23 ટકા જ હતું. જ્યારે વર્ષ 2024-25માં આ પ્રમાણ વધીને 40 ટકાએ પહોંચી ગયું છે. જેમાંથી ટૂંકા ગાળે 93 ટકા છૂટક રોકાણકારો પૈસા ગુમાવે છે.

પરંતુ હારેલો જુગારી બમણું રમે તે કહેવત મુજબ યુવાનો આંખો મીંચીને વધુને વધુ પૈસા રોકી રહ્યા છે. દર મહિને 5થી 50 હજાર સુધીનું રોકાણ કરવાનો યુવાનોમાં નવો ટ્રેન્ડ શેરબજાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર, હાલ 60 ટકાથી વધુ યુવાનો અને ખાસ કરીને જેન ઝી દર મહિને રૂપિયા પાંચથી 50 હજાર જેટલું રોકાણ કરે છે. જેમાંથી 80 ટકા યુવાનો એફ એન્ડ ઓ એટલે ફ્યુચર એન્ડ ઓપ્શન્સમાં ટ્રેડિંગ કરે છે. સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા મુજબ એફ એન્ડ ઓમાં 90થી 93 ટકા રોકાણકારો પૈસા ગુમાવે છે. છતાં પણ તેમાં રોકાણ કરતા યુવાનોની સંખ્યા વધી રહી છે. બીજી તરફ છેલ્લાં બે-ચાર વર્ષથી આઈપીઓ એટલે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ભરવાનો લોકોમાં ક્રેઝ વધ્યો છે. કોઈ પણ નવી કંપનીના આઈપીઓ આવે એટલે લોકો સીધા તે ભરવા માંડે છે. જ્યારે નિષ્ણાંતોના મતે, આઈપીઓમાં છેલ્લાં એકાદ વર્ષનો રેકોર્ડ જોઈએ તો માત્ર 50 ટકા જેટલા આઈપીઓ પ્રીમિયમ પર ખુલતા રોકાણકારોને ફાયદો થયો હતો.

# સ્કૂલ વાનના ભાડામાં 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં 100 રૂપિયાનો વધારો

**અમદાવાદ**

રાજ્યભરના વાલીઓને વધુ એક મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. CNGમાં ભાવમાં સતત વધારો થતા સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. આજે સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક મળી હતી. જેમાં સ્કૂલ વાનના ભાડામાં 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં 100 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ-ડીઝલ ભાવની સાથે સાથે CNGના ભાવમાં પણ વધારો થતા હવે CNG નો ભાવ પણ પેટ્રોલ અને ડીઝલની સમક્ષક પહોંચી ગયો છે. જેથી, CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જે પ્રમાણે CNGનો ભાવ પહોંચી ગયો છે એવી સ્થિતિમાં હાલના ભાડા દર પર વાન અને રિક્ષા ચલાવવી મુશ્કેલ બની રહી છે. જોકે, સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં દર ત્રણ વર્ષે વધારો કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

આજરોજ, 8 જૂનને સોમવારથી તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળા-કૉલેજોમાં શૈક્ષણિક વર્ષ 2026-27ના નવા શૈક્ષણિક સત્રની શરૂઆતની સાથે જ રાજ્યભરના વાલીઓને વધુ એક મોંઘવારીનો આકરો માર સહન કરવાનો વારો આવ્યો છે. સ્કૂલ વર્ધી ઍસોસિએશન દ્વારા લેવાયેલા આ નિર્ણય અંતર્ગત હવેથી સ્કૂલ વાનના માસિક ભાડામાં 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં 100 રૂપિયાનો ધરખમ વધારો કરવામાં આવ્યો છે. આમ, નવું સત્ર શરૂ થતાં જ એક તરફ યુનિફોર્મ, પુસ્તકો અને સ્કૂલ ફીનો મોટો ખર્ચ સામે ઊભો છે, ત્યાં બીજી તરફ ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં થયેલો આ વધારો મધ્યમવર્ગીય પરિવારોના ઘરનું બજેટ ખોરવશે તે પણ નક્કી છે.

અમદાવાદ સ્કૂલ વર્ધી ઍસોસિએશન જણાવ્યા અનુસાર, છેલ્લા 2 વર્ષથી ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. પરંતુ હાલમાં CNG ગેસના ભાવમાં Rs. 12નો મોટો વધારો થતાં આ નિર્ણય લેવો પડ્યો છે.




### ■ વર્ષ 2024માં ભાડામાં વધારો કરાયો હતો

વર્ષ 2024માં સ્કૂલ વર્ધીના ભાડામાં 200 રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો હતો. જેથી વાલીઓ પર બોઝ ન પડે તે માટે 2027માં ભાડામાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ વર્ષ 2024માં કરેલા ભાડામાં વધારા બાદ અંદાજે 12 રૂપિયા જેટલો CNGના ભાવમાં વધારો થઈ ગયો છે. 11 જૂન 2024ના ભાડામાં વધારો કરાયો ત્યારે CNG નો ભાવ 76 રૂપિયા હતો, જે અત્યારે વધીને 88 રૂપિયા પહોંચી ગયો છે.

જેથી અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા સાંજે બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં અમદાવાદ સહિત રાજ્યભરના સ્કૂલ વર્ધી એસોસિએશનના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જેમાં વધતા જતા CNGના ભાવ વધારાને લઈને ભાડામાં કેટલો વધારો કરવો તેને લઈને ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ વાન અને સ્કૂલ રિક્ષાના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. જેથી યુનિફોર્મ સહિતની વસ્તુઓમાં ભાવ વધારા બાદ હવે વાલીઓના માથે સ્કૂલ વર્ધીના ભાડાનો પણ બોઝ સહન કરવો પડશે.

### ■ 'સ્કૂલ રિક્ષાનું ભાડું હવે 850 રૂપિયા લેવાશે'

અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટએ જણાવ્યું હતું કે, આજે કમિટીની મીટીંગ બોલાવવામાં આવી હતી. જેમાં મારુતિ વાનમાં 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં 100 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. પહેલા સ્કૂલ રિક્ષાનું ભાડું 750 રૂપિયા લેતા હતા જે હવે 850 રૂપિયા લેવામાં આવશે. તેમજ પર કિલોમીટરે 100 રૂપિયા લેવામાં આવશે. સ્કૂલ વાનમાં 1200 રૂપિય લેતા હતા જે હવે 1400 રૂપિયા લેવામાં આવશે અને એક કિલોમીટરે 200 રૂપિયા વધારો કરવામાં આવશે. છેલ્લા ભાવ વધારો કર્યો ત્યારે CNG નો ભાવ 76 રૂપિયા હતો જે વધીને અત્યારે 88 રૂપિયા થઈ ગયો છે.

**4 ચોરીનો ભેદ ઉકેલાયો**

## ગ્રાહક બની સોનાના દાગીના ચોરતી શાતિર મહિલાને પોલીસે ઝડપી પાડી

ગ્રાહક બનીને આવતી અને નજર ચૂકવી દાગીના સેરવી લેતી હતી

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને કિંમતી સોનાના દાગીનાની ચોરી કરતી મહિલાને ઝડપી પાડવામાં સફળતા મળી છે. બાવળાની એક જ્વેલર્સની દુકાનમાંથી ગ્રાહક બનીને સોનાની વીંટીઓ ચોરી ફરાર થઈ ગયેલી વડોદરાની આ મહિલાની ધરપકડ બાદ ચાર અલગ-અલગ શહેરોમાં થયેલી ચોરીના ગુનાના ભેદ ઉકેલાયા છે.

મળતી માહિતી અનુસાર, થોડા સમય પહેલાં બાવળા ખાતે આવેલી જ્વેલર્સની દુકાનમાં મહિલા ખરીદી કરવાના બહાને ગ્રાહક બનીને આવી હતી. દુકાનના કર્મચારીઓ જ્યારે દાગીના બતાવવામાં વ્યસ્ત હતા, ત્યારે તેમની નજર ચૂકવીને આ મહિલા સોનાની વીંટીઓ ચોરીને રફુચક્કર થઈ ગઈ હતી.

આ ઘટના અંગે ફરિયાદ નોંધાતા અમદાવાદ ગ્રામ્ય LCB પી.આઈ. આર.એન. કરમટિયાના સીધા માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમની રચના કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી (CCTV) ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી સચોટ આયોજન પૂર્વક વોચ ગોઠવીને વડોદરાની પ્રવિણાબહેન ઉર્ફે ટીની સેનવા નામની મહિલાની ધરપકડ કરી હતી.



પોલીસ સ્ટેશન લાવીને જ્યારે આ મહિલાની પૂછપરછ કરવામાં આવી ત્યારે ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી. આ મહિલાએ કબૂલાત કરી હતી કે તેણે માત્ર બાવળા જ નહીં, પરંતુ ધ્રાંગધ્રા, વિજાપુર અને વિસનગરની જ્વેલર્સની દુકાનોમાં પણ આ જ પ્રકારે ગ્રાહક બની કર્મચારીઓની નજર ચૂકવીને ચોરીઓ આચરી હતી.

એટલું જ નહીં, પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આ મહિલા અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના એક ગુનામાં પણ લાંબા સમયથી નાસતી-ફરતી આરોપી હતી. હાલ LCB પોલીસે મહિલાની અટકાયત કરી તેની પાસેથી વધુ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

## મીઠાખળીમાં તલવારો સાથે ચાર શખસો દુકાન પર ત્રાટક્યા : નવરંગપુરા પોલીસે તપાસ શરૂ કરી

હાથમાં તલવારો લઈને આતંક મચાવતા આ શખ્સો ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા

**અમદાવાદ**

અમદાવાદ શહેરના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના વીવીઆઈપી ઝોન ગણાતા મીઠાખળી વિસ્તારમાં આવેલા કાર એસેસરીઝના શોરૂમ પાસે ચાર શખ્સો ખુલ્લી તલવારો સાથે ધસી આવ્યા હતા. મેયર બંગલાથી અંદાજે માત્ર 200 મીટરના અંતરે બનેલી આ ઘટનાના કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. હાથમાં તલવારો લઈને આતંક મચાવતા આ શખ્સો ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા, જેના આધારે નવરંગપુરા પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, આ ઘટના પાછળ અગાઉની કોઈ અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ચાર શખ્સો એક રિક્ષામાં સવાર થઈને મીઠાખળીમાં આવેલી કાર એસેસરીઝની દુકાને પહોંચ્યા હતા. તેમના હાથમાં ખુલ્લી તલવારો જોઈને આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં થોડા સમય માટે સ્તબ્ધતા છવાઈ ગઈ હતી.

પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર માધુપુરા વિસ્તારનો સાહિલ ઉર્ફે મચ્છી હડિયલ છે. તેની સાથે આકાશ છાત્રાલીયા, વિશાલ ચૌહાણ અને જીગર પરમાર નામના શખ્સો પણ સામેલ હતા. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ એકત્ર કરીને આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## સરસપુરમાં અસામાજિક તત્ત્વોનો આતંક, AMCના સ્વિમિંગ પૂલમાં ઘૂસી મચાવી ધમાલ

**અમદાવાદ**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સરસપુરના પોટલિયા ચાર રસ્તા પાસે આવેલા સ્વિમિંગ પૂલમાં મોડી રાત્રે અસામાજિક તત્ત્વોના આતંકનો એક વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. વાઈરલ થયેલા એક વીડિયોમાં રાત્રિના સમયે કોર્પોરેશનનું સ્વિમિંગ પૂલ બંધ હોવા છતાં 10થી 15 જેટલા શખસો અંદર ઘૂસી ગયા હતા. આ યુવકોએ પૂલમાં જબરદસ્તીથી નાહવાની સાથે મોટા અવાજે ગુજરાતી ગીતો વગાડીને ધમાલ મચાવી હતી.


આ માથાભારે તત્ત્વો કોર્પોરેશનના સ્વિમિંગ પૂલના પાછળની દીવાલ કૂદીને અથવા મુખ્ય ગેટ પર સિક્યુરિટી ગાર્ડને ધાક-ધમકી આપીને પૂલમાં એન્ટ્રી મેળવી હતી. હથિયારધારી શખસો સામે ગાર્ડ પણ લાચારી અનુભવે છે. આશ્ચર્યની વાત એ છે કે, અગાઉ પણ આ જ સ્થળે ત્રણથી ચાર વખત આવી ઘટનાઓ બની ચૂકી છે. સ્વિમિંગ વિભાગના અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી. વારંવાર સુરક્ષા ભંગ થવા છતાં આટલા મોટા સંકુલમાં હજુ સુધી એક પણ સીસીટીવી કેમેરો લગાવવામાં આવ્યો નથી. આ મામલાની જાણ થતાં પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો જરૂર હતો, પરંતુ કોઈ કડક કાનૂની કાર્યવાહી કરવાના બદલે માત્ર સામાન્ય નોંધ કરીને મામલો સમેટી લીધો હતો.

## અસારવામાં પ્રદૂષિત પાણી મુદ્દે ભારે બબાલ : રોષે ભરાયેલા સ્થાનિકોએ AMC કર્મચારીઓનો ઘેરાવ કર્યો

અસારવામાં આવેલી ભોગીલાલની ચાલીમાં છેલ્લા 6 મહિનાથી ભારે પ્રદૂષિત અને દુર્ગંધ મારતું ગંદુ પાણી આવી રહ્યું છે

**અમદાવાદ**

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યાને લઈને સ્થાનિક રહીશોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. છેલ્લા 6 મહિનાથી ગંદા પાણીની હાલાકી ભોગવી રહેલા લોકોની ધીરજનો આજે અંત આવ્યો હતો. ઉગ્ર રોષે ભરાયેલા સ્થાનિકોએ તપાસ કરવા આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ના કર્મચારીઓનો ઘેરાવ કર્યો હતો. આ મામલો એટલો બિચક્યો હતો કે કર્મચારીઓને છોડાવવા માટે છેવટે પોલીસ કાફલાની મદદ લેવી પડી હતી. મળતી માહિતી અનુસાર, અસારવા વિસ્તારમાં આવેલી ભોગીલાલની ચાલીમાં છેલ્લા 6 મહિનાથી ભારે પ્રદૂષિત અને દુર્ગંધ મારતું ગંદુ પાણી આવી રહ્યું છે, જેના કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે રહીશો દ્વારા તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ નક્કર ઉકેલ લાવવામાં આવ્યો ન હતો. લાંબા સમયની ઉપેક્ષા બાદ આજે સ્થાનિક લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. આજે (આઠમી જૂન) વિસ્તારમાં પાણીની લાઈન અને પ્રદૂષિત પાણીની તપાસ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની એક ટીમ પહોંચી હતી. જોકે, લાંબા સમયથી પરેશાન રહીશોએ આ કર્મચારીઓનો ઘેરાવ કરી લીધો હતો અને તેમને ત્યાં જ બેસાડી દઈને ઉગ્ર ઉધડો લીધો હતો. સરકારી કર્મચારીઓ બંધક બન્યા હોવાના સમાચાર મળતાં જ કોર્પોરેશનની ઑફિસમાં દોડધામ મચી ગઈ હતી. છેવટે AMCના ઉચ્ચ અધિકારીઓએ પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને પોતાના કર્મચારીઓને છોડાવવા માટે પોલીસની મદદ લેવી પડી હતી.



## સરખેજમાં પ્રેમીએ જ યુવતીની ગળું દબાવી હત્યા કરી : શરૂઆતમાં આત્મહત્યા અંગે તપાસ કરાઇ હતી

PM રિપોર્ટ આવતા હત્યાની જાણ થઈ હતી, સીમાના પ્રેમી પર શંકા હતી જેથી, યાસીનની અટકાયત કરી પૂછપરછ કરતા યાસીનને સીમા પર શંકા હતી

**અમદાવાદ**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલ ફતેવાડી આર.સી. રોડ પર 6 જૂને સવારે મકાનમાંથી યુવતીની લાશ મળી હતી. યુવતીની તેના જ ઘરમાંથી શંકાસ્પદ હાલતમાં ગળા પર ઈજાના નિશાન સાથે લાશ મળી હતી. મૃતકના પરિવારે યુવતીના પ્રેમી પર શંકા વ્યક્ત કરી હતી. પોલીસે શરૂઆતમાં આત્મહત્યા મામલે તપાસ કરી પરંતુ, જ્યારે પીએમ રિપોર્ટ આવ્યો ત્યારે હત્યાની જાણ થઈ હતી. પ્રેમી શંકાના કારણે યુવતીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે, સરખેજ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.



સરખેજમાં રહેતી સીમા પઠાણ નામની યુવતીના પાંચ મહિના અગાઉ છૂટાછેડા થયા હતા.સીમાના બે બાળકો છે. સીમા બાળકો સાથે માતાના ઘરે રહે છે. આ દરમિયાન સીમાને યાસીન કુરેશી સાથે પ્રેમ સંબંધ હતો. બંને અવારનવાર મળતા હતા.સીમા અને યાસીન લગ્ન પણ કરવાના હતા પરંતુ, યાસીન સીમા પર નાની-નાની વાતોમાં શંકા કરતો હતો. સીમા સાથે યાસીનના અવારનવાર ઝગડા પણ થાય છે.

6 જૂને વહેલી સવારે સીમાનો ભાઈ સીમાના ઘરે નાહવા ગયો ત્યારે સીમાની તેના જ ઘરમાં લાશ પડી હતી.સીમાના ગાળામાં ઈજાના નિશાન પણ હતા અને લોહી પણ જામી ગયું હતું.

અમદાવાદ મનપાએ 25 જોખમી અંડરપાસની યાદી જાહેર કરી હાથ ખંખેર્યા

## તમારા જોખમે જજો! ચોમાસામાં અંડરપાસમાં ડૂબ્યા કે અકસ્માત થયો તો AMCની કોઈ જવાબદારી નહીં

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ચોમાસાની ઋતુની શરૂઆત સાથે જ અંડરપાસમાં પાણી ભરાવાની જૂની અને જાણીતી સમસ્યા ફરી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. આ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરીજનો માટે એક અત્યંત મહત્વની અને ચોંકાવનારી 'જાહેર જનતા જોગ ચેતવણી' બહાર પાડવામાં આવી છે. દર વર્ષે સામાન્ય ૧ થી ૨ ઈંચ જેટલા વરસાદમાં પણ શહેરના અનેક અંડરપાસ સ્વિમિંગ પૂલ બની જતા હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને AMC દ્વારા શહેરના ૨૫ જેટલા અંડરપાસની યાદી જાહેર કરવામાં આવી છે અને નાગરિકોને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવાયું છે કે જો આ અંડરપાસમાંથી પસાર થતાં કોઈ હોનારત કે જાનહાનિ થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનની નહીં પરંતુ નાગરિકની પોતાની રહેશે. મનપાના આ વલણથી એવું સ્પષ્ટ થાય છે કે તંત્રએ પ્રી-મોન્સૂન કામગીરીના નામે અગાઉથી જ પોતાના હાથ ઊંચા કરી દીધા છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, ભારે વરસાદ દરમિયાન અંડરપાસની અંદર કાદવ-કીચડની સફાઈ બાકી હોય તેવા સમયે અથવા તો સુરક્ષાના ભાગરૂપે ઓટોમેટિક કે મેન્યુઅલ ગેટ બંધ કરવામાં આવ્યા હોય ત્યારે નાગરિકોએ જીવના જોખમે તેનો ઉપયોગ બિલકુલ ન કરવો. આવી જોખમી પરિસ્થિતિમાં અકસ્માતો અને મોટી દુર્ઘટનાઓ નિવારવા માટે વાહનચાલકો તેમજ રાહદારીઓને અંડરપાસના મુખ્ય રસ્તાને બદલે તેની આસપાસના વૈકલ્પિક માર્ગોનો આગ્રહ રાખવા વિનંતી કરાઈ છે. જો કોઈ નાગરિક આ આદેશનું ઉલ્લંઘન કરીને અંડરપાસમાં પ્રવેશશે, તો તે પોતાના જોખમે જ જશે. મનપાની આ જાહેરાત બાદ અમદાવાદીઓમાં ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. નાગરિકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો કરોડો રૂપિયાના બજેટ અને પ્રી-મોન્સૂન પ્લાનિંગ પછી પણ ૧-૨ ઈંચ વરસાદમાં અંડરપાસ બંધ કરવા પડતા હોય અને જાનહાનિની જવાબદારી જનતા પર ઢોળવાની હોય, તો સ્માર્ટ સિટીના દાવાઓ શા કામના? તંત્ર માત્ર એડવાઈઝરી જાહેર કરવાને બદલે ડ્રેનેજ સિસ્ટમનો કાયમી ઉકેલ કેમ લાવતું નથી?



**અમદાવાદમાં સ્વચ્છતા અભિયાનની ધૂમ**

## 'મારું શહેર, સ્વચ્છ શહેર'ની પ્રતિજ્ઞા સાથે થલતેજ વોર્ડમાં સફાઇ ઝુંબેશ

**અમદાવાદ**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરને વધુ સુંદર અને કચરામુક્ત બનાવવા માટે સ્વચ્છતા અભિયાન વેગવંતું બનાવવામાં આવ્યું છે. અમદાવાદના મેયર હિતેશ બારોટના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ શહેરના અલગ-અલગ ઝોન અને વિસ્તારોમાં આ જ પ્રકારે વ્યાપક સફાઈ અભિયાન ચલાવવામાં આવશે.

આ જ અભિયાન અંતર્ગત આજે અમદાવાદના થલતેજ વોર્ડમાં 'મારું શહેર, સ્વચ્છ શહેર' ની પવિત્ર પ્રતિજ્ઞા સાથે સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં થલતેજ વોર્ડના પ્રમુખ રોનક પટેલ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ તેમજ વોર્ડના તમામ સક્રિય કાર્યકર મિત્રો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સફાઈ ઝુંબેશ દરમિયાન થલતેજ વોર્ડના મલાવ તળાવથી લઈને શાકમાર્કેટ તરફ જતા મુખ્ય રસ્તાઓ પર સઘન સફાઈ કરવામાં આવી હતી. કાર્યકરો અને આગેવાનોએ જાતે જ કચરો એકઠો કરીને નાગરિકોને પણ કચરો કચરાપેટીમાં જ નાખવા અપીલ કરી હતી. મેયર હિતેશ બારોટ દ્વારા શરૂ કરાયેલા આ અભિયાનને સ્થાનિક પ્રજા તરફથી પણ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI